વઢવાણ,સુરેન્દ્રનગર,જોરાવરનગર,રતનપર તેમજ ગ્રામ્ય વિસ્તારોની જનતા માટે
શ્રીમતી સદ્દગુણા સી. યુ. શાહ સ્ત્રીઓનું દવાખાનું અને પ્રસુતિ ગૃહ
સરયુબેન હસમુખલાલ ન્યાલચંદ વોરા મેડીકલ સેન્ટર
શ્રી દાજીરાજ હાઈસ્કૂલ સામે,
દાજીપરા,વઢવાણ શહેર - મો.70165 66692
ડો. જીજ્ઞાશા આર. ભાલોડીયા
C.P.S., D.C.H.
બાળ રોગના નિષ્ણાંત
સોમવાર થી શનિવાર
સવારે ૯-૩૦ થી ૧૨-૩૦
ડો. પૂર્વી જી. ઝાલાવાડીયા
(MS) ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાંત)
સોમ થી શુક્ર સવારે ૯-૩૦ થી ૧૨-૩૦
સાંજે ૪ થી ૬-૦૦
શનિવારે સવારે ૯-૩૦ થી ૧૨-૩૦
ઉપરોક્ત વિભાગો ઉપરાંત લેબોરેટરીની તપાસ તથા
બાળકોને વેકસીન પણ નજીવા ચાર્જથી કરી આપવામાં આવશે.
તેમજ મહાવીર ફાર્મસી (મેડીકલ સ્ટોર્સ) માં
૧૦% ડીસ્કાઉન્ટથી દવાઓ પણ મળશે.

સમાચારોમાં હંમેશા આગળ રહેતું લોકપ્રિય દૈનિક

# જનયુગ

તા.૩૧ ઓગસ્ટ ૨૦૨૪ શનિવાર વિ.સ.૨૦૮૦ શ્રાવણ વદ-૧૩, Vol : 36 ISSUE No.185

Printed BY JAYKEEN D. MEHTA and Published by JAYKEEN D. MEHTA on behalf of JAYKEEN D. MEHTA and Printed at Janyoog Daily Karyalaya,Nr. New Junction, Dev Society, Surendranagar 363001 and Published at Janyoog Karyalaya, New Junction Road, Surendranagar.Ph.02752221610 Editor JAYKEEN D. MEHTA DT. 31-8-2024 SATURDAY Retail 1 Price Page : 4 RNI REGD NO.48362/87 REGD.NO.GSEN.79-2024-26 Permitted To Post At RMS Surendranagar DAILY

અર્હમ ડેન્ટલ ક્લિનિક
મલ્ટીસ્પેશ્યાલિટી, માઈક્રોસ્કોપિક ડેન્ટલ સેન્ટર
Dr. Rahul Sheth (MDS)
Conservative Dentistry
& Endodontics
મુળીયાની સારવારના સુપર સ્પેશ્યાલીસ્ટ
Dr. Ankita Sheth (BDS)
Dental Surgeon
પેઢા, ફિક્સ દાંત તથા ચોકઠાંના
સુપર સ્પેશ્યાલીસ્ટ
સુરેન્દ્રનગરમાં સૌ પ્રથમ માઈક્રોસ્કોપથી સજ્જ અતિ આધુનિક ડેન્ટલ ક્લિનિક
ઉપલબ્ધ સુવિધાઓ :
• ચોકઠું, ફિક્સ દાંત બેસાડવાની સારવાર
• વાંકાચુંકા દાંતની સારવાર
• જડબા તથા મોઢાના કેન્સરની તપાસ • ઈન્ટ્રા ઓરલ કેમેરા તથા ડિજીટલ એક્સ-રે દ્વારા સચોટ નિદાન અને સારવાર
• દર્દરહિત ઈન્જેક્શન ટેકનિક (Painless Anaesthesia)
નૂતન મીઠાઈ ઘર પાછળ, મેગામોલની સામે, સુરેન્દ્રનગર. મો. ૮૭૯૯૬ ૯૯૬૯૫

# સરકારી મદદની ખાત્રી મળતા વિશ્વ પ્રસિદ્ધ તરણેતરનો મેળો યોજવા સર્વસંમતી


@ ફાઈલ તસ્વીર:જનયુગ દૈનિક


@ તરણેતર તસ્વીર:જનયુગ દૈનિક

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર: વિશ્વપ્રસિદ્ધ તરણેતરનો મેળો દર વર્ષે ભાદરવા સુદ ત્રીજ થી લઈ છઠ સુધી યોજવામાં આવે છે. પરંતુ આ વર્ષે ભારે વરસાદના કારણે રસ્તાઓ બીસમાર બનતા તેમજ અન્ય અસુવિધા ને કારણે તરણેતર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અશોકસિંહ ચંદુભા રાણા દ્વારા ગ્રામ પંચાયતમાં સભ્યો સાથે ચર્ચા કરી તરણેતર મેળો રદ કરવા કલેકટરને લેખિત રજૂઆત કરી હતી.દરમિયાન આજે શનિવારે ૩૧. ૮. ૨૦૨૪ ના રોજ તરણેતર ગામે કલેકટરના અધ્યક્ષ સ્થાને મિટીંગ યોજાઇ હતી. જેમાં સુરેન્દ્રનગરના સાંસદ શ્રી ચંદુભાઈ સિહોરા, ચોટીલાના ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ, કલેકટર શ્રી કે.સી. સંપત, ડીડીઓ શ્રી રાજેશભાઈ તન્ના સહિતના અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો, સરપંચ, સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન કલેક્ટરે જાહેરમાં ખાતરી આપી હતી કે સરકારી તંત્ર ગ્રામ પંચાયત સાથે છે અને તમામ વ્યવસ્થાઓ કરાવવામાં મદદ કરશે. આથી તરણેતરનો મેળો રાબેતા મુજબ તારીખ ૬ સપ્ટેમ્બર ને શુક્રવારથી ૯ સપ્ટેમ્બરને સોમવાર સુધી ચાલુ રાખવા નિર્ણય કરાયો છે. સાથોસાથ મેળા દરમિયાન રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ નવી એસ.ઓ.પી.નું ફરજિયાત પાલન કરવામાં આવશે તેમ પણ કલેકટરે આગ્રહ પૂર્વક જણાવ્યું હતું.

**તરણેતરના મેળામાં તા. ૦૬, ૦૭, ૦૮, સપ્ટેમ્બરના રોજ પશુ પ્રદર્શન હરીફાઈ-૨૦૨૪ યોજાશે**

સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાતા ''તરણેતર લોકમેળા''માં પશુપાલન ખાતા દ્વારા તા. ૦૬, ૦૭, ૦૮, સપ્ટેમ્બર-૨૦૨૪ના રોજ ''પશુ પ્રદર્શન હરિફાઈ''નું આયોજન કરવામાં આવ્યું છે. આ ''પશુ પ્રદર્શન હરિફાઈમાં સૌરાષ્ટ્ર તથા ગુજરાતના અન્ય જિલ્લામાંથી ગીર વર્ગમાં ગાય, સાંઢ, વોડકી તથા જાફરાબાદી ભેંસ વર્ગમાં ભેંસ, પાડો, ખડેલી(જોટુ) વગેરે જેવા પશુઓ ભાગ લેશે.

આ હરિફાઈમાં ભાગ લેનાર દરેક પશુપાલકોને પોતાના પશુઓની ઓલાદ મુજબ ઈનામો આપવામાં આવશે. જે પૈકી ચેમ્પિયન ઓફ ધ શો ને ઈનામ પેટે રૂ. ૧,૦૦,૦૦૦/- તથા નિભાવ ખર્ચ પેટે દિવસ દીઠ રૂ.૧૦૦૦/- લેખે કુલ રૂ.૩૦૦૦ ચૂકવવામાં આવશે. કેટેગરી વાઈઝ ૬ જેટલાઓને પ્રથમ ઈનામ પેટે રૂ.૫૦,૦૦૦/- લેખે કુલ રૂ.૩ લાખની રકમ તેમજ નિભાવ ખર્ચ પેટે રૂ.૧૦૦૦ લેખે કુલ રૂ. ૧૮૦૦૦/-, દ્વિતીય ઈનામ પેટે રૂ.૪૦,૦૦૦/- લેખે કુલ રૂ.૨,૪૦,૦૦૦/- તેમજ નિભાવ ખર્ચ પેટે રૂ.૧૦૦૦ લેખે કુલ રૂ. ૧૮૦૦૦/-, આશ્વાસન ઈનામ તરીકે ૧૮૭ પશુ દીઠ રૂપિયા રૂ.૪૦૦૦/- લેખે કુલ રૂ.૭,૪૮,૦૦૦/- તેમજ નિભાવ ખર્ચ પેટે રૂ.૧૦૦૦ લેખે કુલ રૂ. ૫,૬૧,૦૦૦/-ના ઈનામની રકમ ચૂકવવામાં આવશે. આમ, કુલ ૨૦૦ જેટલા ઈનામ પેટે રૂ. ૧૩,૮૮,૦૦૦/- જેટલી રકમ તથા નિભાવ ખર્ચ પેટે રૂ. ૬,૦૦,૦૦૦/- ચૂકવવામાં આવશે.તદુપરાંત, સુરેન્દ્રનગર જિલ્લાના થાન, ચોટીલા, હળવદ, વાંકાનેર અને મુળી તાલુકાના પશુઓ માટે પશુ દીઠ રૂા.૧૪૦૦/- તેમજ રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના અન્ય તાલુકાના પશુઓ માટે પશુ દીઠ રૂા.૪૦૦૦/- તથા આ સિવાયના જિલ્લાઓના પશુઓ માટે પશુ દીઠ રૂા. ૮૦૦૦/- લેખે પરિવહન ખર્ચ પણ ચૂકવવામાં આવશે.આમ, પશુ પ્રદર્શન હરીફાઈ દરમિયાન પશુપાલકોને રૂ.૩૦,૪૫,૪૦૦/- જેટલી પ્રોત્સાહક રકમ ચૂકવવામાં આવશે. આ પ્રદર્શન થકી ગુજરાત રાજયના ખૂણે ખૂણેથી ઉચ્ચ ઓલાદના લક્ષણો ધરાવતા પશુઓ અને પશુપાલકોને નિહાળવાની ઉત્તમ તક મળી રહે છે, તથા સંપર્કનું માધ્યમ પણ બને છે અને આવા પશુઓ રાખવાની લોકોને પ્રેરણા મળી રહે છે.

આ ઉપરાંત પ્રદર્શન મેળા દરમ્યાન મુલાકાતીઓ/ પશુપાલકોને પશુપાલન વ્યવસાયની અદ્યતન વૈજ્ઞાનિક માહિતી મળી રહે તે માટે પ્રદર્શન સ્ટોલ, સુરસાગર ડેરી દ્વારા પણ પ્રદર્શન સ્ટોલ થકી માહિતી પ્રદાન કરવામાં આવશે. આ ઉપરાંત પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓની માહિતી પણ આપવામાં આવશે.

નોંધનીય છે કે, આ પ્રદર્શન થકી શુધ્ધ ઓલાદની જાળવણી, સંવર્ધન, દુધ ઉત્પાદન વધારવું, પશુ આરોગ્ય, રસીકરણ, પશુ રહેઠાણ, ઘાસચારા, ખાણદાણ જેવા વિવિધ પાસાઓને લગતી જાણકારી પશુપાલકો મેળવે છે. આમ, તરણેતર લોકમેળા દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી સુંદર અને બહોળી રીતે થાય છે. આ મેળામાં પશુપાલકોને ઉચ્ચ ઓલાદના પશુઓની લે-વેચ કરવાનો પણ અવસર મળી રહે છે.

## કેદારનાથમાં વાયર તૂટી જવાથી હેલિકોપ્ટર થયું ક્રેશ



નવી દિલ્હી:ઉત્તરાખંડના કેદારનાથમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. ક્ષતિગ્રસ્ત હેલિકોપ્ટરને અન્ય સ્થળે એરલિફ્ટ કરવામાં આવી રહ્યું હતું. ત્યારબાદ આ ખામીયુક્ત કેસ્ટ્રેલ હેલિકોપ્ટર જમીન પર પડ્યું હતું. જે સમયે આ હેલિકોપ્ટર જમીનમાં પડ્યું ત્યાં નીચે કોઈ નહોતું. આના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

પર્યટન અધિકારીએ જણાવ્યું કે હેલીકોપ્ટરને શનિવારે રિપેર કરાવવા માટે ગૌચર એરસ્ટ્રીપ પર લઈ જવાની યોજના હતી, જે મુજબ ક્રિસ્ટલ એવિએશનની હેલીકોપ્ટરને એરફોર્સના એમઆઈ ૧૭ હેલિકોપ્ટરથી લટકાવીને લગભગ ૭ વાગ્યે ગૌચર લઈ જવામાં આવવાનું હતું. જો કે, ઉડાનભર્યાના થોડે દૂર પહોંચતાની સાથે જ હેલિકોપ્ટરના વજન અને પવનની અસરને કારણે MI 17 એ પોતાનું સંતુલન ગુમાવવાનું શરૂ કર્યું, જેના કારણે થરુ કેમ્પની નજીક પહોંચ્યા પછી હેલિકોપ્ટરને MI 17 પરથી નીચે ઉતારવું પડ્યું. હેલીકોપ્ટરમાં કોઈ મુસાફરો કે સાધનો ન હતા. માહિતી મળતા જ રેસ્કયુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહી છે. તેમણે તમામ લોકોને હેલીકોપ્ટર ક્રેશમાં કોઈ જાનહાનિ અંગે અફવા ન ફેલાવવાની અપીલ કરી છે.

## સુરેન્દ્રનગર જિલ્લાના અંડર-૧૫ વયજૂથના ખેલાડીઓ માટે હાઈટહંટ પસંદગી પ્રક્રિયાનું આયોજન

**વધુ માહિતી માટે કન્વીનરશ્રી અનિલભાઈ મકવાણા, મો:- ૯૭૨૩૨૯૨૨૭૧નો સંપર્ક કરવો**

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર:જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, લીંબડીની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના અસાધારણ ઉંચાઇ ધરાવતા અંડર-૧૫ વયજૂથના ખેલાડીઓ એટલે કે તા.૦૧/૦૧/૨૦૦૯ પછી જન્મેલા ભાઈઓ અને બહેનો માટે હાઇટહંટ પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી પ્રક્રિયામાં હાઈટહંટના માપદંડોમાં ૧૨ વર્ષની ઉંમર ધરાવતા ભાઈઓ માટે ઊંચાઈ ૧૬૬+ અને બહેનો માટે ૧૬૧+, ૧૩ વર્ષની ઉંમર ધરાવતા ભાઈઓ માટે ઊંચાઈ ૧૭૧+ અને બહેનો માટે ૧૬૪+, ૧૪ વર્ષની ઉંમર ધરાવતા ભાઈઓ માટે ઊંચાઈ ૧૭૭+ અને બહેનો માટે ૧૬૯+, ૧૫ વર્ષની ઉંમર ધરાવતા ભાઈઓ માટે ઊંચાઈ ૧૮૨+ અને બહેનો માટે ૧૭૧+ રહેશે. સ્પોર્ટસ કોમ્પ્લેક્સ લીંબડી ખાતે જન્મતારીખનો દાખલો અને આધારકાર્ડના પુરાવા સાથે (મૂળ ગુજરાતના નિવાસી ખેલાડીઓ માટે) તા.૧૧/૦૯/૨૦૨૪ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. યોજના વિશેની વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના કન્વીનરશ્રી અનિલભાઈ મકવાણા, મો:- ૯૭૨૩૨૯૨૨૭૧નો સંપર્ક કરવો એમ વધુમાં યાદીમાં જણાવ્યું છે.

## / / / - :: સંક્ષિપ્ત સમાચાર :: - / / /

-આ વર્ષે એપ્રિલ-જુલાઈમાં ભારતના UPI દ્વારા આશરે રૂ. ૮૧ લાખ કરોડના વ્યવહારો કરવામાં આવ્યા.જે UPIને વિશ્વના અન્ય અગ્રણી ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ પાછળ છોડી દે છે.

-ગુજરાત ઉદ્યોગ અને વેપારી મહામંડળ- જીસીસીઆઈએ રાજ્યમાં તાજેતરના ભારે વરસાદના કારણે થયેલા નુકસાન સામે ''વીમા'' લાભ મેળવવા માટે ઉદ્યોગોને માર્ગદર્શન આપવા ''ઇન્શ્યોરન્સ હેલ્પ ડેસ્ક''ની સ્થાપના કરી છે.

-વડોદરા ના પૂરપ્રકોપને કારણે અસરગ્રસ્ત લોકોને સહાય માટે પાંચ કરોડ રૂપિયાની તાત્કાલિક અસરથી ફાળવણી કરતી રાજ્ય સરકાર.

-નાણા મંત્રાલયે જણાવ્યું છે કે સજાતિય સમુદાયના વ્યક્તિઓ માટે સંયુક્ત બેંક ખાતું ખોલવા અને સજાતીય સંબંધ ધરાવતી વ્યક્તિને નોમિની તરીકે નોમિનેટ કરવા માટે કોઈ પ્રતિબંધ નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદ તથા પવનથી રહેણાંકના કાચા/પાકા મકાનોમાં પૂર્ણ કે આંશિક નુકસાની સર્વેને કામગીરી શરૂ



સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ગામોમાં સાફસફાઈ, પીવાના પાણીના ક્લોરીનેશન તથા મકાન નુકસાની સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.



સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામા અણીયારી ગામે મકાન નુકસાની અંગે સર્વેની કામગીરી કરવામા આવી.



સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામા મકાન નુકસાની અંતર્ગત સર્વેની કામગીરી કરવામા આવી.



સુરેન્દ્રનગર જિલ્લામાં મુળી તાલુકાના ટીડાણા ગામે મકાન નુકસાની સર્વેનું કામ કરવામા આવ્યુ.

**મુળી તાલુકાના નળિયા અને સિધ્ધસર ગામે કાચા મકાનમાં આંશિક નુકસાન પેટે અસરગ્રસ્ત પરિવારને રૂા.૮૦૦૦ની સહાય ચુકવાઈ**

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર: જિલ્લામાં ભારે વરસાદ તથા પવનથી રહેણાંકના કાચા/પાકા મકાનોમાં પૂર્ણ કે આંશિક નુકશાન થવા પામ્યું છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા તપાસણી ટીમ મારફત નુકસાની સર્વેને કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં નુકશાન પામેલ કાચા/પાકા મકાનોને અંશતઃ/પુર્ણ નુકશાની માટે સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેના અનુસંધાને મુળી તાલુકાના નળિયા અને સિધ્ધસર એમ બે ગામમાં કાચા મકાનમાં થયેલા આંશિક નુકસાન પેટે અસરગ્રસ્ત પરિવારને રૂા.૮૦૦૦/- ની સહાય સીધી બેંક મારફત ચૂકવવામાં આવી હતી.

## સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા અને જિલ્લા કક્ષાના ''શ્રેષ્ઠ શિક્ષક પારિતોષક''ની યાદી જાહેર કરાઈ:શિક્ષકદિને અપાશે એવોર્ડ

**જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંકે ૦૪ શિક્ષકો, તાલુકા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે ૧ - ૧ શિક્ષકોની પસંદગી**

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર:શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને રાજ્ય સરકારશ્રી દ્વારા પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જેને આધીન સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા અને જિલ્લા કક્ષાએ ''શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક''ની યાદી જાહેર કરવામાં આવી છે.જેમાં જિલ્લા કક્ષાનાં પારિતોષિકમાં પ્રથમ નંબરે ચોટીલા તાલુકામાં પ્રાથમિક શાળા કેટેગરીના મદદનીશ શિક્ષક શ્રી નયનાબેન રાણા, મૂળી તાલુકાના ઉચ્ચતર માધ્યમિક શાળા કેટેગરીના મદદનીશ શિક્ષક શ્રી વારિસભાઈ ભટ્ટા, વઢવાણ તાલુકાના માધ્યમિક કેટેગરીના મદદનીશ શિક્ષક શ્રી ડો. ભગવતીપ્રસાદ ગમારા, ધાંગધ્રા તાલુકાના પ્રાથમિક શાળા કેટેગરીના મુખ્ય શિક્ષક શ્રી ચંપકભાઈ કાનાણીની પસંદગી કરવામાં આવી છે.તાલુકા કક્ષાનાં પારિતોષિકમાં પ્રથમ નંબરે ચોટીલા તાલુકાના પ્રાથમિક શાળા કેટેગરીના મદદનીશ શિક્ષક શ્રી સુરેશકુમાર વાઢેર તથા દ્વિતીય ક્રમાંકે થાનગઢ તાલુકાના પ્રાથમિક શાળા કેટેગરીના મદદનીશ શિક્ષક શ્રી દેવેન્દ્ર પ્રસાદ ધમલની પસંદગી કરવામાં આવી છે, તેમ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.શિક્ષકદિને તમામને એવોર્ઢ અપાશે

## સુરેન્દ્રનગરમાં જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર: કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લાકક્ષાએ નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે, જે અન્વયે ચાલુ વર્ષે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાકક્ષા ''નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા''નું આયોજન કરવામાં આવનાર છે.

જેમાં પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા તથા રાસ એમ કુલ ત્રણ સ્પર્ધાનું આયોજન થનાર છે. પ્રાચીન અને અર્વાચીન ગરબા માટે ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા તથા રાસ સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતાં કલાકારો ભાગ લઈ શકશે. ૦૬ થી ૧૦ મિનિટની સમય મર્યાદા રહેશે. ગ્રુપમાં ૧૨ થી ૧૬ સ્પર્ધકો તેમજ ૦૪ સહાયક ભાગ લઈ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓ/સંસ્થાઓ/કલાકારો/સ્પર્ધકોએ તા.૧૨-૦૯-૨૦૨૪ સુધીમાં ચાલુ કામકાજના દિવસો દરમ્યાન કચેરી સમયમાં સંપૂર્ણ વિગત ભરેલું નિયત નમુનાનું ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મ કચેરીના બ્લોગ:- https: dydosnr. blogspot. com પરથી પણ મેળવી શકાશે. નિયત નમૂનાનાં ફોર્મ સાથે જે - તે ગીતના શબ્દો બે નકલમાં, તમામ સ્પર્ધકોના આધાર કાર્ડની એક નકલ સાથે જોડી જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવત્તિઓની કચેરી, બહુમાળી ભવન, ખેરાળી રોડ, સુરેન્દ્રનગરને પહોંચાડવાનું રહેશે, તેમ વધુ યાદીમાં જણાવ્યું છે.

## -:: તસ્વીર સમાચાર ::-


@ ગાંધીનગર તસ્વીર:જનયુગ દૈનિક

'ડેમોક્રેસી ઈન એક્શન : એ કેસબૂક ઑન ઈન્ડિયન ઈલેક્શન્સ' નું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે વિમોચન.ચૂંટણી પ્રક્રિયાના પ્રશ્નોના નિરાકરણ માટે આ પુસ્તક પ્રમાણિત દસ્તાવેજ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત.

આ અંગ્રેજી પુસ્તકમાં ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે થયેલા કેસો અને ભારતની સર્વોચ્ચ અદાલતે આપેલા આખરી ચુકાદાનું વિગતવાર વિવરણ છે.આ પુસ્તકમાં મે-૨૦૨૪ સુધીના ૧૨૨ જેટલા મહત્વના કેસોનું અભ્યાસ પૂર્ણ આલેખન છે.


@ સુરેન્દ્રનગર તસ્વીર:જનયુગ દૈનિક

જૈનોના માંગલિક મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણ પર્વનો આજથી પ્રારંભ થયો છે.ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી દેરાવાસી જૈનો ભક્તિમાં લીન બન્યા છે:દેરાસર ખાતે સવારે પુજા માટે ભીડ ઉમટી પડી હતી.



@ ફાઈલ તસ્વીર:જનયુગ દૈનિક

# જનયુગ

▯ વર્ષ:૩૬ ▯ અંક નં.૧૮૫▯ શનિવાર▯ ૩૧ ઓગસ્ટ,૨૦૨૪


## નાણાંકીય સ્થિતિની અવગણના કરીને લોભામણા વાયદા કરવા તો આસાન છે, પરંતુ તેને પૂરા કરવા કઠિન

જાતજાતના લલચામણા વાયદા અને રેવડીઓના સહારે હિમાચલ પ્રદેશની સત્તા હાથમાં લેવામાં સફળ રહેલી કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખ્ખુએ બે મહિના સુધી પગાર નહિ લેવાની જે જાહેરાત કરવી પડી, તેનાથી એ તો ખબર પડે જ છે કે રાજ્યની આર્થિક સ્થિતિ ઠીક નથી, પરંતુ એ સમજવું કઠિન છે કે આખરે તેઓ અને તેમના મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે તો આર્થિક હાલત કેવી રીતે સુધરી જશે? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે તેમણે એ ન કહ્યું કે તેઓ અને તેમના સહયોગીઓ બે મહિનાનો પોતાનો પગાર હંમેશ માટે છોડી રહ્યા છે. જોકે જો એવું કરતા તો પણ તે ઊંટના મોંમાં જીરા સમાન હોત. મુખ્યમંત્રીએ ધારાસભ્યોને પણ આગ્રહ કર્યો છે કે તેઓ પણ તેમનું અનુસરણ કરે. શું તેના પછી તેઓ સરકારી કર્મચારીઓને પણ આવી કોઈ અપીલ કરવાના છે? સારું એ રહેશે કે તેઓ ત્યાગ કરવાના સંદેશ આપતા ફરવાને બદલે રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવા માટે કોઈ ઠોસ પગલાં ભરે. એવું કરતાં તેમણે આત્મમંથન પણ કરવું જોઇએ કે રાજકીય લાભ માટે રેવડીઓ વહેંચવાના ચૂંટણી વાયદા કરવા કેટલું યોગ્ય હતું? કમ સે કમ હવે તો એ સમજી જ જવું જોઇએ કે આર્થિક નિયમો અને નાણાંકીય સ્થિતિની અવગણના કરીને લોભામણા વાયદા કરવા તો આસાન છે, પરંતુ તેને પૂરા કરવા કઠિન.

બધા જાણે છે કે હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકાર પોતાના કેટલાય ચૂંટણી વાયદાને હજુ સુધી પૂરા કરી શકી નથી. તેના કેટલાક વાયદા એવા પણ હતા, જે અધકચરા જ પૂરા કરી શકાય છે. ચૂંટણી વાયદાને ખટાખટ પૂરા કરવાની રેવડી આપનારા કોંગ્રેસના નીતિ-નિયંતાઓની સાથે આમ જનતાએ પણ આત્મમંથન કરવાની જરૂર છે. તેને એ આભાસ હોવો જોઇએ કે લોભામણા વાયદા કરનારાઓ તેમને છેતરે તો છે જ, સાથે જ તેમના ભવિષ્ય સાથે પણ રમત કરે છે. આ આભાસ માત્ર હિમાચલ પ્રદેશ જ નહીં, અન્ય રાજ્યોની જનતાને પણ થવો જોઇએ, કારણ કે રેવડી સંસ્કૃતિ અપનાવનારા રાજકીય પક્ષો વધતા જાય છે. એ કોઈથી છૂપું નથી કે જેમ હિમાચલ પ્રદેશ આર્થિક સંકટનો સામનો કરવા લાગ્યું છે, એવી જ રીતે કર્ણાટક અને કેટલાંક અન્ય રાજ્યો પણ આર્થિક સંકટનો સામનો કરવા લાગ્યા છે. કેટલાક રાજકીય પક્ષો તો એવા છે, જે મફતખોરીની યોજનાઓનો વાયદો કરીને સત્તામાં તો આવી ગયા પછી તેને લાગુ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે વધારાના નાણાંની ભીખ માગતા રહે છે. જ્યારે કેન્દ્ર સરકાર તેમની માંગ પૂરી કરવા તૈયાર નથી થતી તો તેઓ જે-તે રાજ્યની જનતાની અવગણના કરવાના આરોપ કરવા લાગે છે. શું એ કોઈથી છૂપું છે કે કેટલાંક રાજ્યોએ કોઈક રીતે એવો માહોલ બનાવ્યો હતો કે સામાન્ય બજેટમાં બિનભાજપ શાસિત રાજ્યોની ઉપેક્ષા કરવામાં આવી છે? એ જ રીતે દિક્ષણના રાજ્યો પણ એવો આરોપ લગાવી ચૂક્યા છે કે કેન્દ્ર સરકાર તેમની સાથે ઓરમાયો વ્યવહાર કરી રહી છે.

## -:: તસ્વીર સમાચાર ::-



ચોમાસા દરમિયાન રાજ્યના ૨૦૬માંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ ભરાતા હાઈ એલર્ટ જાહેર.ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૮૫%થી વધુ જળસંગ્રહ.૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૮૦ %થી વધુ જળસંગ્રહ.ગત વર્ષે આજ દિવસે રાજ્યમાં કુલ ૭૬%ની સામે અત્યારે ૮૦%થી વધુ જળસંગ્રહ

## વરસાદ બાદ રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય તંત્ર કરી રહ્યું છે સજજતા સાથે આરોગ્ય વિષયક કામગીરી



@ આદરીયાણા તસ્વીરઃ જનયુગ દૈનિક

**પાટડી તાલુકામાં ભારે વરસાદથી ભરાયેલા પાણીના ખાડા ખાબોચિયામાં બળેલા ઓઇલ દડાની મદદથી પોરાનાશક કામગીરી કરાઈ**

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ જિલ્લામાં વરસાદ બાદ રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય તંત્ર દ્વારા સજજતા સાથે આરોગ્ય વિષયક કામગીરી કરવામાં આવી રહી છે.

જેમાં પાટડી તાલુકાના આદરીયાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ સુપરવાઈઝર અને તલાટીશ્રીના સંકલન થકી આદરીયાણા ગામે મલ્ટી પર્પસ હેલ્થ વર્કર દ્વારા આદરીયાણા -૧, આદરીયાણા -૨ ખાતે ભારે વરસાદથી ભરાયેલા પાણીના ખાડા ખાબોચિયામાં બળેલા ઓઇલ દડાની મદદથી પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

## જિલ્લા કક્ષાની નેશનલ સાયન્સ સેમિનારમાં સ્વસ્તિક સ્કૂલની વિદ્યાર્થીની મોખરે



@ સુરેન્દ્રનગર તસ્વીરઃજનયુગ દૈનિક

સુરેન્દ્રનગરઃનેશનલ સાયન્સ સેમિનારમાં ગયા વર્ષની રાજ્ય કક્ષાની અભૂતપૂર્વ સફળતા બાદ હાલ ૨૦૨૪માં યોજાયેલ જિલ્લા કક્ષા ના નેશનલ સાયન્સ સેમિનાર માં સ્વસ્તિક શાળા ની ધોરણ - ૧૦ ની વિદ્યાર્થીની રાઠોડ દ્રષ્ટિ કમલેશ ભાઈ એ જિલ્લા કક્ષા એ પ્રથમ નંબર પ્રાપ્ત કરીને સ્વસ્તિક ની સફળતાની પરંપરાને અકબંધ રાખી છે.

## ઢાંકી,ગોદાવરી પમ્પિંગ સ્ટેશન,માળીયા-વલ્લભીપુર બ્રાંચ કેનાલ, ધોળીધજા ડેમે કામગીરીનું જાત નિરીક્ષણ કરતા કેબિનેટ મંત્રી



@ ઢાંકી તસ્વીરોઃ જનયુગ દૈનિક

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ જળસંપત્તિ અને પાણી પુરવઠા કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સુરેન્દ્રનગર જિલ્લાના જળાગકના ઢાંકી પમ્પિંગ સ્ટેશન, માળીયા-વલ્લભીપુર બ્રાંચ કેનાલ, બોટાદ બ્રાંચ કેનાલ, ધોળીધજા ડેમ, સૌની યોજનાના ગોદાવરી પમ્પિંગ સ્ટેશન અને પાણી પુરવઠા વિભાગના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફૂલગ્રામની આજરોજ મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ કામગીરીનું જાત નિરીક્ષણ કરી સંલગ્ન અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રીશ્રીએ ઢાંકી ખાતે ઢાંકી થી હડાળા (રાજકોટ) બલ્ક પાઇપલાઇન અને એન.સી-૩૨ પ્રોજેક્ટ પમ્પિંગ સ્ટેશન, ઢાંકી થી માળીયા બલ્ક પાઇપલાઇન અને એન.સી-૩૦ પમ્પિંગ સ્ટેશન વિશે અધિકારીઓ પાસેથી જાણકારી મેળવી હતી. ત્યારબાદ મંત્રીશ્રીએ ખમીસણા ખાતે બોટાદ બ્રાન્ચ કેનાલ અને ધોળીધજા ડેમની મુલાકાત કરી હાલની સ્થિતિની સૂક્ષ્મ સમીક્ષા કરી હતી. ભારે વરસાદના કારણે ડેમમાં પાણીની આવક સહિતની વિગતોની વિસ્તૃત માહિતી મેળવી હતી. ગોદાવરી ખાતે સૌની યોજનાના ગોદાવરી પમ્પિંગ સ્ટેશનની ચાલુ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં મંત્રીશ્રીએ ફૂલગ્રામ ખાતે પાણી પુરવઠા વિભાગના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરી હતી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાકી રહેલી કામગીરીની સમીક્ષા કરી વહેલીતકે સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે અધિકારીશ્રીઓને તાકીદ કરી હતી.

મંત્રીશ્રીની આ મુલાકાતમાં નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા, ચોટીલા ધારાસભ્યશ્રી શામજીભાઈ ચૌહાણ, વઢવાણ પ્રાંત અધિકારીશ્રી નિકુંજ ધૂળા, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી મુકુલ મહેરચંદ્રાણી, સૌની યોજના ડેપ્યુટી ઇજનેરશ્રી જી.ડી.પંચાલ, પાણી પુરવઠા કાર્યપાલક ઈજનેરશ્રી એમ.જી.ઠાકુર સહિત સ્થાનિક આગેવાનશ્રીઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## કોલેજમાં 'આઈસ બ્રેકિંગ' ઈવેન્ટમાં છોકરા-છોકરીનો ડાન્સ કરતા વાઈરલ વિડિયોમાં થયો ફિયાસ્કો



ઉત્તરાંચલ:સોશિયલ મીડિયા પર ઘણા અજીબો ગરીબ વીડિયો વાયરલ થતા રહે છે ત્યારે આજકાલ આવો જ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો ડાન્સ પરફોર્મન્સનો છે અને ઉત્તરાંચલ યુનિવર્સિટીનો હોવાનું સામે આવ્યુ છે. આ વીડિયોએ ઈન્ટરનેટ પર સનસનાટી મચાવી દીધી છે. કોલેજમાં 'આઈસ બ્રેકિંગ' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં છોકરા-છોકરીઓ બોલિવૂડના ગીતો પર ડાન્સ કરતા જોવા મળ્યા હતા.

આ ઈવેન્ટનો એક વીડિયો સંજય રૈથવાન નામના યુઝરે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો છે જેને ૨૮ મિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા છે.

વીડિયોમાં એક છોકરો છોકરી સાથે ડાન્સ કરી રહ્યો છે. તે બંને તેમના મિત્રોથી ઘેરાયેલા છે અને ઉત્સાહિત છે. આ બંને એ વાતથી બિલકુલ અજાણ હતા કે તેઓ જે ગીત પર ડાન્સ કરી રહ્યા હતા તે રક્ષાબંધનનું છે. તમે જાણો છો કે રક્ષાબંધન એ ભાઈ-બહેનના સંબંધો પર આધારિત તહેવાર છે. આ પછી શું ? છોકરો તરત જ છોકરીનો હાથ છોડી દે છે અને ત્યાં હાજર તમામ વિદ્યાર્થીઓ હસવા લાગે છે. છોકરો ડાન્સ ફ્લોર છોડીને ભાગી જાય છે.

આ વીડિયો જોયા પછી લોકો યુવતી માટે વીડિયોના કોમેન્ટ સેક્શનમાં સહાનુભૂતિભર્યા મેસેજ લખી રહ્યા છે. ઘણા યુઝર્સે લખ્યું કે 'આ આઇસ બ્રેકિંગ નહિ પણ હાર્ટ બ્રેકિંગ છે.' એક યુઝરે લખ્યું, 'વીડિયોનો એન્ડ હેરાન કરનારો હતો. હવે તે ક્યારેય ડાન્સ નહીં કરે.' અન્ય એક યુઝરે કહ્યું, 'જ્યાં સુધી તેને ભાન ન થયું ત્યાં સુધી તે ડાન્સ કરતો રહ્યો.' અન્ય એક યુઝરે કહ્યું, 'આ લોકોની ખુશી પળવારમાં તૂટી ગઈ.

## સુરેન્દ્રનગર જીલ્લાના મુળી તાલુકામાં ભારે વરસાદમાં વીજ પુરવઠો પૂર્વવત કરતું પી.જી.વી.સી.એલ. તંત્ર

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ જિલ્લામાં ભારે વરસાદ અને પવનના કારણે મુળી તાલુકામાં નીલગીરીના ઝાડ વીજ લાઈન ઉપર પડવાના કારણે બે વીજ થાંભલા પડી ગયા હતા. જેના કારણે પી.જી.વી.સી.એલ.ની મુળી પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા ખાટડી, દુધઈ, રામપરા, પલાસા સહીત ચાર ગામમાં વીજ પુરવઠો ખોરવાય ગયો હતો. પી.જી.વી.સી.એલ. કચેરીના સ્ટાફ દ્વારા ચાલુ વરસાદે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. પડી ગયેલા ઝાડ કાપીને વીજ પોલ ઉભા કરી ચાલુ વરસાદે જ ગણતરીની કલાકોમાં ચારેય ગામમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો હતો.

**યુદ્ધના ધોરણે ચાલુ વરસાદે જીવના જોખમે વીજ પુરવઠો પૂર્વવત કરવા કામગીરી કરતા વીજકર્મીઓ**

સુરેન્દ્રનગર જિલ્લામાં બે દિવસ ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં અનેક જગ્યાએ પાણી ભરાતા વીજ પુરવઠો ખોરવાયો હતો. વીજ પુરવઠો પૂર્વવત કરવા પી.જી.વી.સી.એલ. તંત્ર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. જિલ્લામાં ભારે પવન ફૂંકતા મુળી ખાતેની પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરીના ૧૧ કેવી અર્બન ફીડરમાં ૨ થાંભલા ભોગાવો નદીના વોકળામાં પડી ગયા હતા.

થાંભલા વોકળાના પાણીમાં તણાઈ જવાના કારણે મુળી ગામમાં રાત્રે ૮:૦૦ વાગ્યાથી લાઈટ બંધ થઈ ગઈ હતી. પી.જી.વી.સી.એલ.ના સ્ટાફ દ્વારા તાત્કાલિક સ્થળ પર જઈને ચાલુ વરસાદે પાણીમાં થાંભલા ઉભા કરી રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો હતો.

આમ, પીજીવીસીએલના સ્ટાફ દ્વારા યુદ્ધના ધોરણે ચાલુ વરસાદે જીવના જોખમે કામગીરી કરી વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો હતો.

### ચોટીલા તાલુકામાં ભારે વરસાદ અને પવન હોવા છતાં ચાલુ વરસાદે પણ સરાહનીય કામગીરી કરતુ પી.જી.વી.સી.એલ.

તા. ૨૮.૦૮.૨૦૨૪ના રોજ સાંજે આશરે ૬:૦૦વાગ્યે ભારે પવન અને વરસાદના કારણે ચોટીલા પેટા વિભાગીય કચેરીના તાબામાં આવતા ચાણપા જ્યોતીગ્રામ ફીડરમાં બે લોખંડના થાંભલા રોડ ઉપર નમી ગયેલ હતા અને જે નેશનલ હાઈ-વે ઉપર ટ્રાફિકને પણ નડતરરૂપ થતા હતા. જેથી પીજીવીસીએલ ચોટીલાનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર જઈને જેસીબી બોલાવી ચાલુ વરસાદે બન્ને વીજ પોલ સીધા કરી અને આ ફીડરના બંધ થયેલ કુલ છ ગામોમાં જેવા કે ચાણપા, નાની મોલડી, મોટી મોલડી, જાનીવડલા, ગારીડા અને ઠીકરીયાળી ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવેલ. આમ પીજીવીસીએલના સ્ટાફના દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી વરસતા વરસાદ અને ભારે પવન દરમ્યાન પણ જીવના જોખમે વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવેલ.



@ ચાણપા તસ્વીરઃ જનયુગ દૈનિક

### લીંબડી તાલુકામાં ભારે વરસાદ અને પવન હોવા છતાં ચાલુ વરસાદે પણ સરાહનીય કામગીરી કરતુ પી.જી.વી.સી.એલ.

તા.૨૭.૦૮.૨૦૨૪ના રોજ ખૂબ જ પવન અને વરસાદના કારણે પીજીવીસીએલ પાણશીણા પેટા વિભાગીય કચેરીના તાબામાં આવતા ૧૧ કેવી હડાળા જ્યોતિગ્રામ ફીડરમાં પાણશીણાથી હડાળા જવાના રસ્તે બે થાંભલા તણાઈ ગયેલ અને સમગ્ર વિસ્તારમાં બે થી ત્રણ ફુટ જેટલું પાણી ભરાઈ ગયેલ જેના કારણે આ ફીડરના કુલ આઠ ગામડા મોટા ત્રાડિયા,ભોજપરા,આણંદપર, બલોલ, હડાળા, ધોળી, કમાલપર અને દેવપરામાં વીજ પુરવઠો ખોરવાઈ ગયેલ. જેથી પાણશીણા પેટા વિભાગીય કચેરીનો તમામ સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયેલ અને વીજ પુરવઠો પૂર્વવત કરવા માટેની જરૂરી કામગીરી કરી અને રાત્રિના સાડા ત્રણ વાગ્યે ચાલુ વરસાદે બે થી ત્રણ ફુટ પાણી ભરાઈ ગયેલ હોવા છતાં વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવેલ. આમ પીજીવીસીએલના સ્ટાફ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવેલ છે.



@ મુળી તસ્વીરઃ જનયુગ દૈનિક



## સ્ત્રીનું જીવન અને ચિંતા



@ ફાઈલ તસ્વીરઃજનયુગ દૈનિક


પુર્વાંગી શુક્લ
Author & Psychologist
www.purvangishukla.com


અરે! બહુ જ ટેન્શન થાય છે. શું કરવું? ભવિષ્યમાં શું બનશે? મારાથી આ બધું પાર પડશે? ક્યાંક નિષ્ફળતા મળશે તો? લોકો શું વાતો કરશે મારી? મનની લાગણીઓને કેમ કરીને સંભાળવી? વિચારોનું પૂર મગજને થકવી દે છે. મન અને હૃદય તો કંપી જાય અને હાથ-પગ ઢીલા પડી જાય ત્યાં સુધી આ ચિંતા કોરી ખાય છે. પણ ખરાં અર્થમાં આ ચિંતા કેમ અનુભવાય છે? શું સદીઓથી માનવી ચિંતા નામનાં રોગ સામે લડી નથી શક્યો? શું આપણે માનવી તરીકે ક્યારેય એ પરમાત્માના ખોળામાં પોતાને સોંપી નથી શક્યા? અને જાત-જાતના વિચારો લગભગ મગજને કોરી ખાય છે. જેમ લાકડાને ઊધઈ કોરી ખાય તેમ ધીરે-ધીરે માનવી આ ચિંતામાં ગળતો જાય. અને ઘણાં માનવીઓ આ ચિંતાની ચિતામાં બળયા વગર તેનો રસ્તો પણ કાઢતાં જોવા મળે છે. અને તે જ વ્યક્તિઓને આપણે આજે સફળતાની લિસ્ટમાં મૂકીએ છીએ. પડકારો અને તકલીફો તો જીવનનો ભાગ છે. અને આપણે તે સમજી તો લઈએ છીએ પરંતુ સ્વીકાર નથી કરી શકતા. અને બળવાખોરની જેમ જીવનની દરેક પરિસ્થિતિઓ સામે બળવો પોકરતાં અંતે તો થાકી જઈએ છીએ. આ બધી દુવિધાનો અંત શું? મૃત્યુ! શું આનંદ ક્ષણિક આનંદ માટે આ તે કેવો સંઘર્ષ? અને જો જીવનનું નામ સંઘર્ષ જ હોય તો તેનો અર્થ શું? બસ આવી જ વાતોથી અને વિચારોથી ખાટું થયેલું તમારું મન આજે આ લેખથી થોડુંક હળવું કરી દઈએ, થોડાંક રૂ જેવા હળવા બની જઈએ અને જીવી લઈએ. એ પળને જેમાં જે મળ્યું છે અને જેવુ મળ્યું છે મારુ જ છે. આનંદ, ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે જીવતાં શીખી લઈએ. બસ! આ મારાં લેખનો પ્રયાસ. તો ચાલો! ચિંતાને ટાળીએ અને મુક્ત બનીએ.

પહેલાં તો થોડીક વ્યવહારીક રીતે ઉપયોગ કરી શકાય તેવા આસપેક્ટસની વાત કરું. જેના પ્રેક્ટિસ દ્વારા તમારાં વિચારોનો ઢાંચો ધીમેધીમે બદલાતો જાય અને આ ચિંતા નામની ટેવને બદલવી આપના માટે સરળ બનતી જાય. સામાન્ય ઉદાહરણ સાથે સમજવું તો વજન ઘટાડવાની વાત આવે તો આપણે રોજ જ પોતાના મગજને રિમાઈન્ડર આપીએ છીએ. ચાલવા માટે, ડાયટ માટે , જિમ જવા માટે અથવા કસરત કરવા વગેરે વગેરે. તમારાં એ વિચારને જ્યારે આપ આચરણમાં મૂકો છો તો તમારી ઇન્દ્રિયો તમારાં સંકેતને સમજે છે. અને તે જ સ્વાદની ઇન્દ્રિયો આપને જાતે જ રિમાઈન્ડર આપે છે કે આપ શું ખાવા જાઇ રહ્યા છો? બસ આવી જ કોઈક પ્રકારની ટેવ આપણે વિકસાવવાની જરૂર છે. અને માટે જ જ્યારે ચિંતા જેવી વિચારધારા તમને પરેશાન કરે તે પહેલા મહત્વના પ્રેક્ટિકલ આસપેક્ટસને સમજવા જરૂરી છે.

**૧) હકીકત ફેક્ટ્સ-ફિગરને તપાસો.**

ચિંતાના વિચારને સમજવા માટે જરૂરી છે પોતાને બે થી ત્રણ પ્રશ્નોને પૂછવા. પહેલાં તો જાણો કે શું આપ વર્તમાનકાળમાં જીવી રહ્યા છો? કે પછી તમારાં વિચારોમાં ભૂતકાળ અથવા ભવિષ્ય હાવી થયેલું છે. બીજો પ્રશ્ન પોતાની પરિસ્થતિનું નિરીક્ષણ કરો. ડર્યા વિના અને પ્રામાણિકતા સાથે તે પરિસ્થિતિનું પરિણામ શું આવશે? અને તે પરિસ્થિતિનું સૌથી ખરાબ પરિણામ વિચારો.

થોડા સમય પહેલાંની વાત જણાવું. મારી ઓફિસમાં લગભગ ત્રીસી વટાવી ચૂકેલા એક સફળ બિસનેસવિમેન આવ્યા. થોડા ચિંતાથી વ્યતીત હતા અને માટે જ ઘણા ખરા સમયથી સ્ટ્રેસના કારણે ઊંઘનો પ્રશ્ન ઊભો થયો હતો. પોતાની નિષ્ફળતાને તે વ્યક્તિએ કેપિટલાઇસ કરી હતી. નુકશાનને કેપિટલાઇસ કરે તે ખરો માનવી. બાકી તો નફાને તો કોઈપણ કેપિટલાઇસ કરી શકે. તેમને સતત ચિંતા ઘેરી વળી હતી કે મારાં બિસનેસને આગળ કેમ વધારું? બિસનેસને કેમ કરીને નક્કી કરેલ માપદંડ સુધી પોંહચાડુ. કેટલુંય કરું છું પણ નથી થતું. બધા જ પ્રયત્નો કરી જોયા પણ અંતે પરિણામ માત્ર નિરાશા જ આવતું. તો શું કરું? શાંતિથી સાંભળ્યા બાદ તે આવેલી વ્યક્તિને મે પેન અને પેપર આપ્યા. જણાવ્યું તમારો ચિંતાનો વિષય આ પેપર ઉપર લખો. તેની હકીકત લખો અને તે ચિંતાના પ્રશ્નનો અંતિમ પરિણામ વિચારો. સફળ પામેલી તે વ્યક્તિને મે કહ્યુ તમે વર્તમાનમાં ન જીવીને ભવિષ્યમાં જીવી રહ્યા છો. તમે તમારાં કાર્ય કરતાં તમારાં પરિણામ સાથે વધુ અટેચ છો. જુઓ, તમારો જવાબ જ તમારી પાસે જ છે. શું થશેની ચિંતા તમારી વર્તમાન કાર્યક્ષમતા ઉપર અસર પાડે છે. અને ધીમેધીમે આ કેમ થશેની ચિંતા તમને ઈનેક્ટિવ મોડમાં લઈ જાય છે. અને માટે જ પરિણામ નિરાશા દેખાય છે. જો આ બધુ જ કર્યા બાદ આપ એવું વિચારો છો કે શું થશે તો તમારો શંકાસ્પદ વિચાર જ આપણે વર્તમાનમાં જીવવા નથી દેતો. સાથે જ તમારાં ધ્યાનમાં ભંગાણ પડે છે. જો આપ હકીકતને સ્વીકાર કરશો તો તમને તમારી પરિસ્થતિની સામે લડવાની જરૂર નહીં પડે પરંતુ તે પરિસ્થિતિને પ્રમાણિકતાથી સમય અને ઉર્જા આપીને સુધારવાનો પ્રયાસ રહેશે.

ચિંતા કરતાં પહેલાં સ્થિતિના ફેક્ટ્સ અને ફિગર્સ વિષે તપાસો. અંતિમ પરિણામ શું આવી શકે છે તે સ્વીકાર કરીને આપની કાર્યક્ષમતામાં વધારો કરો.

**૨) ૧૦ ટકાથી ૯૦ ટકા ઉપર આવો.**

વાંચતાં એવું લાગશે કે આ શું ૧૦ ટકાને ૯૦ ટકા. જીવનને અને જીવનની દરેક સ્થિતિને ધ્યાનથી જોશો તો લગભગ ૯૦ ટકા બરાબર જ ચાલતું હશે. માત્ર ૧૦ ટકામાં જ કંઈક અવ્યવસ્થિતતા જણાતી હશે. જે પ્રમાણેનો આપણો ઉછેર થયો છે અને માનવીના મૂળભૂત સ્વભાવની જો વાત કરવામાં આવે તો જે નથી તે મનમાં ખૂંચ્યા કરે છે. તે સરખું કેમ કરીને થાય તે મગજમાં સતત ચાલ્યા કરે છે અને માટે જ જે બધુ વ્યવસ્થિત અને યોગ્ય છે અને યોગ્ય દિશામાં છે તે તરફ ધ્યાન જતું જ નથી. માત્ર જે અવ્યવસ્થિત છે અને જે અયોગ્ય છે તેની ફરિયાદ મનમાં સતત ચાલ્યા કરે છે. પરંતુ સ્વીકારની ૧૦ ટકાથી ૯૦ ટકા સુધીની યાત્રા કરો. સ્વીકાર કરવાથી તમારી ઉર્જા મુક્ત થશે અને ચિંતાનો વિષય હળવો બનશે. તમારાં જીવનમાં જે નથી અને જે છે તે બંને વચ્ચેનો આત્મસંતોષ પ્રાપ્ત થશે. રોજિંદા લખાણ અને આત્મનિરીક્ષણ જેવી કવાયત સાથે વિચારોની પ્રક્રિયા ચોક્કસપણે બદલાશે.

**૩) ધન્યવાદના ભાવ સાથે વ્યસ્તતા.**

આભારનો ભાવ, અપેક્ષા પ્રમાણે મળતા પરિણામ સામે જ અનુભવાય છે. પરંતુ તેની સાથે ધન્યવાદનો ભાવ તે વસ્તુઓ, સુવિધાઓ માટે પણ અનુભવવો જોઈએ જે આપણને મફતમાં મળી છે. જેમ કે સુર્યનો તડકો, ઓક્સીજન, વાતાવરણ વગેરે વગેરે. આ બધાની સાથે એ પણ વાસ્તવિકતા સ્વીકારવાની જરૂર છે કે ક્યારેક જીવનની અમુક પરિસ્થિતિઓને આપણે ધારવા છતાંય તેને ટાળી નથી શકતા. ઉદાહરણ સ્વરૂપે જણાવું તો પ્રિયજનની માંદગી અથવા મૃત્યુ. ઈનએવિટેબલ પરિસ્થિતિમાં માનવી ચિંતાથી લગભગ પાંગળો બની જાય છે. પરંતુ તે જ ચિંતા મનને કોરી ખાય તે પહેલાં જો આપ પોતાને વ્યસ્ત રાખી શકો તે કામોનું એક લિસ્ટ તૈયાર કરો. સતત કાર્યમાં રચ્યાપચ્યા રહો. એટલી કાર્યક્ષમતામાં વધારો કરો કે રાત અને ઊંઘ એકબીજાના પર્યાય બની જાય, પરિસ્થિતિનો સ્વીકાર અને આવી પડેલી ચિંતમાંથી ઉદ્ભવેલી ઉર્જાનો સદુપયોગ એટલે વ્યસ્તતા.-**વધુ આવતા અંકે**

## નગરમાં મગરયાત્રા




-નટવર પંડ્યા.
મો:૮૫૩૦૬૬૯૯૦૭

**હાસ્ય ગંગા**

આ લેખ તમે વાંચતા હશો ત્યાં સુધીમાં મગરો તેના મૂળ સ્થાનકે જતા રહ્યા હશે. પણ થોડા સમય પહેલા વડોદરામાં ચૌદ ઇંચ વરસાદ પડ્યો ત્યારે મગરોએ પણ વર્ષાઉત્સવ ઉજવ્યો. વડોદરામાં ચૌદ ઇંચ વરસાદ જોઈ મગરો ચૌદ નહીં પણ સોળે કળાએ ખીલી ઊઠ્યા. મગરો નદી મૂકીને નગરમાં ચડી આવ્યા. કારણ કે ચૌદ ઇંચ વરસાદમાં નદી અને નગર બંને એક જેવા જ થઈ ગયા હતા. વડોદરા તો સુસંસ્કૃત નગર એટલે મગરને ય થાય તો ખરું ને કે ચાલો જરા નગરમાં આંટો મારીએ અને નગરદર્શન કરીએ. નગરમાં ભરપૂર પાણી હોય તો એમને જરા હરવું ફરવું વધારે અનુકૂળ રહે.આમ મગરો નગરદર્શન કરવા નીકળ્યા. એમાં વડોદરાવાસીઓને મગરદર્શન થયા. એ ય પાછા ઘેર બેઠા! આમ અરસપરસ બંનેને એકબીજાનો લાભ મળ્યો. આવો લાભ તો નસીબદારને જ મળે. (અને મળ્યો હોય તેને જ ખબર પડે!)લોકો દૂર દૂરના પ્રવાસ ખેડીને મગર જોવા આવે છે. જ્યારે વડોદરામાં લોકોને જોવા માટે મગર આવે છે. ધોધમાર વરસાદ પછી વડોદરામાં તો થયું એવું કે બીજે દિવસે સવારમાં ઊઠીને લોકોએ જોયું તો ઘરની સામે બેઠા બેઠા મગર બગાસાં ખાતાતા. આ લોકોએ અત્યાર સુધી આંગણામાં કુતરા, બિલાડા, ગાય, ભેંસ બેઠેલા બહુ જોયા પણ મગર બેઠેલા પહેલીવાર જોયા. મગરને જોતા જ લોકોના મગજ કામ કરતા બંધ થઈ ગયા. વળી મગર તેમના જડબા ઘર સામે રાખીને બેઠા હતા એટલે તે બગાસુ ખાવા જડબા ખોલે તો બાળકોને આનંદ આવતોતો અને વડીલોને પરસેવો છૂટી જતોતો. આંગણામાં મોર આવે તો તેના ફોટા પડાય, તેને વાંધો ન હોય તો તેની સાથે સેલ્ફી લેવાય. પણ મગર સાથે સેલ્ફી પાડવા જઈએ તે પહેલાં તો તે આપણને પાડી દે. આંગણે આવેલા મગરની મહેમાનગતિ કઈ રીતે કરવી તે આપણને કોઈએ શીખવાડ્યું નથી.વડોદરામાં તો કેવું કે સવારમાં ઊઠીને તમે બાથરૂમમાં સ્નાન કરવા જાવ તો તમારા પહેલા તો મગર સ્નાન કરતો હોય. એટલે પછી તેને કહેવું પડે કે ભાઈ તું નિરાંતે નાહી લે,ગીઝર બીઝર ચાલુ કરી લેજે.આપણે અહિં બધી સગવડ છે. અહીં એવું બને કે ઘરમાં તમે ભોયપથારીએ સૂતા હો અને સવારના સાડા આઠ વાગી ગયા હોય છતાં જાગ્યા ન હો. પછી એકાએક તમને થાય કે પત્ની જગાડી રહી છે. પણ તમે ચાદરમાંથી મો કાઢીને જુઓ તો પૂછડું મારીને મગર કહેતો હોય કે ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ મગરને જોયા પછી જે ઝડપે પથારીત્યાગ થાય તે ન ભૂતો ન ભવિષ્યતિ બની રહે.

વડોદરામાં ચૌદ ઇંચ વરસાદ પડ્યો ત્યારે છાપા વાળાઓએ લખ્યું કે વિશ્વામિત્રી નદીમાં લગભગ ચારસો જેટલા મગર વસે છે. બીજા દિવસે લખ્યું કે ત્રણસો જેટલા મગર વસે છે. તેનો અર્થ એ જ કે બાકીના સો એક જેટલા મગરો શહેરમાં લટાર મારવા નીકળી પડ્યા હતા. એકધારાપણાથી, રુટીન જિંદગીથી માણસ તો શું મગરે ય કંટાળે. તેને ય પગ છૂટો કરવાનું મન તો થાય જ ને! ગીરની આજુબાજુના ગામડાઓમાં જેમ ઘણી વાર સિંહ ચડી આવે છે. તેમ ચોમાસામાં અહીં મગર આંટો મારે છે. ગીરકાંઠાના ગામડામાં તો બારેમાસ એવું બને કે સિંહો ચડી આવે છે. જ્યારે વડોદરામાં ફક્ત ચોમાસામાં જ મગર મુલાકાત લે છે. આમ પણ મગરોને બહુ રખડવાનો શોખ નહિ એટલે શિયાળા ઉનાળામાં મગર ક્યારેય રાજમાર્ગ પર રખડવા નીકળી પડે નહીં. વડોદરામાં શહેરના ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલે આપણે ઊભા હોઈએ અને સાઈડ ખુલે ને આપણે ઝડપથી ઉપડીએ ત્યાં ચાર રસ્તા પર નિરાંતે મગર ચાલ્યો જતો હોય. મગરને જોઈને ત્યાં ઊભેલ ટ્રાફિક પોલીસ પણ થોડીવાર માટે ઘટના સ્થળ છોડી જાય એવું બને. મગર પાછો સિગ્નલને ફોલો ન કરે. (આપણે ય ક્યાં કરીએ છીએ!) જો કે આપણી અને એની વચ્ચે તફાવત એટલો જ કે એને મેમો ન મળે. એ તો રેડ સિગ્નલ હોય તો ય હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે ની જેમ હળવે હળવે ચાલ્યો જતો હોય. આ રીતે આપણે પોઈન્ટ પર ઊભા હોઈએ ત્યાં મગર હળવે હળવે આવી ચડે તો આપણું હૈયું ભારે થઈ જાય. ત્યારે આપણી અને મગરની બંનેની સ્થિતિ સરખી હોય આપણે એમ વિચારતા હોય કે હવે ક્યાં જવું! અને મગર પણ એ જ વિચારતો હોય. આવા સમયે મગરને વડોદરાના જોવાલાયક સ્થળોની યાદી આપવાનું મન થઈ આવે કે ભાઈ આવ્યા છો તો આટલા ઠેકાણે જરા ચક્કર મારતા આવો! ફરી પાછા ક્યારે આવશો? આવતા ચોમાસે તો તમારી જાડી ચામડીના જોડા, ચપ્પલ કે બેલ્ટ નહીં બની ગયા હોય તેની શી ખાતરી! આમ મગરને ભલે વડોદરાના જોવાલાયક સ્થળોની ખબર ન હોય પણ જ્યાં મગર આવી ચડે એ સ્થળ જરૂર જોવાલાયક બની જાય.ભવિષ્યમાં વડોદરામાં એવું પણ બને કે આપણે શાકવાળી સામે બેસીને શાકના ભાવતાલ કરતા હોઈએ ને બાજુમાંથી મગર હાઉકલી કરે. રિક્ષામાંથી ઉતરીને રિક્ષાવાળાને પાંચસોની નોટ આપી હોય ને સાડા ચારસો પાછા લેવાના હોય ને રિક્ષા નીચેથી મગર ભોડું કાઢે તો આપણે સાડા ચારસો લીધા વિના સાડા ચારસો મીટર જમીન કાપી નાખીએ. એક મહિનાની મુદતે ઉછીના લીધેલા પાંચ લાખ પાછા આપવાના વાયદા ને વરસ થઈ ગયું હોય અને આપણા આંગણે ઉઘરાણીવાળા અડિંગો જમાવીને બેઠા હોય અને કહેતા હોય કે આજે તો ઉઘરાણી પતાવ્યે જ છૂટકો. એટલામાં જ આપણા ઘરમાંથી પૂર્ણકદનો મહાકાય મગર નીકળે ને ઉઘરાણીવાળા નવી મુદત આપ્યા વિના નાસી જાય. પછી બીજીવાર આવતા પહેલા ય દશ વાર વિચાર કરે. આમ મગરથી કેટલાકને લાભ પણ થાય. પણ આવું ક્યારેય દૈનિક રાશિ ભવિષ્યમાં લખેલું હોતું નથી કે વૃશ્ચિક રાશિવાળાને મગરથી મહાલાભ.જુના જમાનામાં જ્યારે ફોન નહોતા ત્યારે અતિથીઓ મગરની જેમ આવી ચડતા. આમ તો આપણે ત્યાં અતિથિ દેવો ભવઃની ભાવના છે. પણ અમુક અતિથિ ઓ તો ખરેખર મગર જેવા જ હતા. વહેલી સવારે, મધરાતે કે બપોરે બે વાગ્યે, એમ ગમે ત્યારે બારણા ખખડાવતા. મગર પણ વરસાદના પાણીમાં ઘરમાં આવી ચડ્યો હોય અને આપણને જુએ એટલે રામ રામ કે ગૂડ મોર્નિંગ કરવા માટે આપણો પગ પકડે. આપણી અને એ લોકોની સંસ્કૃતિમાં આ એક મુખ્ય તફાવત કે એ લોકો પગ પકડીને ગુડ મોર્નિંગ કરે અને આપણે બૂમાબૂમ કરી મૂકીએ. આપણી બુમો સાંભળીને લોકો લાકડી, ધોકા, પાઇપ લઈને જે તે મનુષ્યને મગરમૂક્ત કરવા મચી પડે. ત્યારે મગરને બહુ દુઃખ થાય કે આ લોકો આપણી ભાવનાને સમજતા નથી. અરે મગર ફક્ત પગ પકડીને ગુડમોર્નિંગ કરે એટલું જ નહીં એ તો છેક એમના ઘેર ચા પાણી પીવા પણ લઈ જાય. પણ લોકો તેની લાગણીઓ સામે લાકડીઓ ઉપાડે એટલે છેવટે તે પગ છોડીને પલાયન થઈ જાય. મગરને થાય કે આ લોકો સાથે લાંબો વહેવાર કરવા જેવો નથી.આવા સમયે મગરને પ્રોપર માર્ગદર્શનની જરૂર હોય છે. દોડી દોડીને મહિલાઓને માર્ગદર્શન આપનારા ઉત્સાહીજનો મગરને નાનું અમથું ય માર્ગદર્શન આપવા આગળ આવતા નથી.મગર જ્યારે આપણા ઘરમાં ઘૂસી જાય ત્યારે તેને કઈ રીતે ભગાડવો, તેની તાલીમ આપણને આપવામાં આવી નથી. તેથી આપણે ખુદ ભાગી જઈએ છીએ. જો કે મગરને પણ એના મા બાપે એવી તાલીમ આપી હોતી નથી કે માણસોને તેના ઘરમાંથી કઈ રીતે ભગાડવા. પણ એ લોકોને એ બધું વારસાગત હોય. તેથી જ મગરને કઈ રીતે ભગાડી શકાય કે કઈ રીતે ભારે હૃદયે વિદાય આપી શકાય તેના વર્કશોપ વડોદરામાં શરૂ કરવાની તાતી જરૂર છે. મૂળ તો મગર આપણને એ સંદેશો આપવા આવે છે કે અમને શાંતિથી જીવવા દો.કારણ કે આપણે મગરના નિવાસસ્થાને એટલે કે નદીમાં ગટરનું ગંદુ પાણી, કારખાનાનું કેમિકલવાળું પાણી જવા દઈએ, ત્યાં કપડાં ધોઇએ, ઢોરને નવડાવીએ અને ગંદકી કરીએ છીએ. મગરોએ ક્યારેય આપણા શહેરને પ્રદૂષિત કર્યું ખરું!?તો આપણે પણ કાળજી રાખવી જોઈએ કે મગર છે તો નગર છે. જો અત્યારથી ધ્યાન નહીં રાખીએ અને મગરોમાં કોઈ એવો ક્રાંતિકારી નેતા જાગશે તો તે આપણી સોસાયટીઓની સામે ક્રોકોડાઈલ કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીની સ્થાપના કરશે અને સપરિવાર રહેવા આવી જશે. પછી આપણે આપણા મકાન ખાલી કરીને રાજસ્થાનના રણમાં રહેવા જવું પડશે. માટે હજુ મગરો માપમાં છે ત્યાં સુધીમાં સમજી જઈએ તો સારું.(સમાપ્ત)**આચકનઃ- મોંઘામાં મોંઘો દારૂ ડોલમાં ભરી ગધેડા સામે મુક્યો. ગધેડાએ ન પીધો. એટલે બાપે દીકરાને કહ્યું, જો જો આટલો મોંઘો દારૂ છે છતાંય તેને ગધેડો ય નથી પીતો! દીકરાએ કહ્યું, એટલે જ તો એ ગધેડો છે!**

# 'લખપતિ દીદી સન્માન' કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લાની ૬૭૬ સ્વસહાય જૂથની બહેનોને રૂ. ૪.૨૮ કરોડના લાભોનું વિતરણ કરાયું






**રાજ્ય સરકારે દરેક ક્ષેત્રે મહિલાઓને અગ્રેસર બનવાની યોગ્ય તકો પૂરી પાડી નારી સશક્તિકરણને પ્રોત્સાહન આપ્યું છે :નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા**

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર: નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં અને સાંસદશ્રી ચંદુભાઈ શિહોરાની પ્રેરક ઉપસ્થિતમાં મેડિકલ હોલ, વઢવાણ ખાતે સ્વસહાય જૂથની મહિલાઓ સાથે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત લખપતિ દીદી સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૭૬ સ્વસહાય જૂથની બહેનોને રૂ.૪.૨૮ કરોડના લાભોનું વિતરણ તેમજ લખપતિ દીદી તરીકે સન્માન કરી પ્રમાણપત્રો અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, દેશભરમાં માતા-બહેનોને આર્થિક રીતે પગભર કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩ કરોડ લખપતિ દીદી બનાવવાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ સંકલ્પ ને સાકાર કરવા રાજ્યની સ્વસહાય જૂથોની મહિલાઓ વાર્ષિક રૂ. એક લાખથી વધારેનું ટર્ન ઓવર કરી લખપતિ દીદી બને એ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે દરેક ક્ષેત્રે મહિલાઓને અગ્રેસર બનવાની યોગ્ય તકો પૂરી પાડી નારી સશક્તિકરણને પ્રોત્સાહન આપ્યું છે. રાજ્યની મહિલા, દીકરીઓના પોષણ, શિક્ષણ, વ્યવસાય, સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે સરકારશ્રી દ્વારા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.

દરેક ક્ષેત્રમાં મહિલાઓને મળી રહેલા પ્રોત્સાહન વિશેની વાત કરતાં વધુમાં દંડકશ્રીએ ઉમેર્યું હતું કે, શિક્ષિત અને સશક્ત મહિલા થકી પરિવાર, સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ થાય છે. વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવામાં દરેક મહિલાઓને અમૂલ્ય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. આ ઉપરાંત મહિલાઓને આર્થિક આત્મનિર્ભરતા પ્રદાન કરતી યોજનાઓ વિશેની જાણકારી આપી મહત્તમ મહિલાઓને તેનો લાભ લેવા અનુરોધ પણ કર્યો હતો.

આ પ્રસંગે સાંસદશ્રી ચંદુભાઈ શિહોરાએ જણાવ્યું હતું કે, સરકારશ્રી દ્વારા ગ્રામીણ વિસ્તારની બહેનોનું સામાજિક ઉત્થાન થાય, જીવનધોરણ ઊંચું આવે અને આર્થિક રીતે પગભર બને તે માટે સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે. આ સ્વસહાય જૂથોમાં મહિલાઓનું આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરીને આર્થિક રીતે પગભર બનાવી લખપતિ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. વધુમાં તેમણે ઉપસ્થિત દરેક મહિલાઓને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી કે.સી.સંપટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ તેમજ સ્ત્રી સશક્તિકરણના ધ્યેય, મિશન મંગલમ અંતર્ગત મહિલાઓને અપાતી તાલીમ, સહાય અને બેન્ક ફંડ અંગે વિસ્તૃત જાણકારી આપી જિલ્લામાં મિશન મંગલમ યોજના સાથે જોડાયેલા જૂથો અને તેઓની કામગીરી વિષે ઉપયોગી માહિતી આપી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને મહારાષ્ટ્રના જલગાંવ ખાતે આયોજિત લખપતિ દીદી સન્માન કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએ રસપૂર્વક નિહાળ્યું હતું. સ્વસહાય જૂથોની સફળ મહિલાઓ-લખપતિ દીદીઓએ પોતાની પ્રગતિ અને સંઘર્ષ તેમજ સરકારી સહાય અંગે પોતાના પ્રતિભાવો વર્ણવ્યા હતા.

આ પ્રસંગે ધ્રાંગધ્રા ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા, નગરપાલિકા પ્રમુખસુશ્રી જીજ્ઞાબેન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ તન્ના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી આર.એમ. જાલંધરા, તાલુકા વિકાસ અધિકારીસુશ્રી ગીતાબેન સહિત અધિકારી-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# સી. યુ. શાહ ઉચ્ચ શૈક્ષણિક સ્કોલરશીપ સહાય યોજનામાં ૧૧૬ વિદ્યાર્થીઓને રૂા.૧૧.૫૫ લાખનું વિતરણ કરાયું


@ સુરેન્દ્રનગર તસ્વીર:જનયુગ દૈનિક

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર: શ્રી સી. યુ. શાહ ઉચ્ચ શૈક્ષણિક સ્કોલરશીપ સહાય યોજના (વર્ષ ૧૭મું) અન્વયે પ્રથમ તબક્કામાં ૧૧૬ વિદ્યાર્થીઓને રૂા. ૧૧.૫૫ લાખ અને બીજા તબક્કામાં અંદાજે ૬૦ વિદ્યાર્થીઓને આશરે રૂા. ૯.૫૦ લાખનું વિતરણ આગામી સંભવીત તા. ૨૯-૦૯-૨૦૨૪ ના રોજ થશે.સમસ્ત ઝાલાવાડના સ્થા. જૈન વિદ્યાર્થીના ઉચ્ચ અભ્યાસ માટે સાધર્મિક પરિવાર અને જરૂરીયાત મંદ પરિવાર માટે આ યોજના કાર્યરત રહી છે.

આ વર્ષના પ્રોજેક્ટ ચેરમેન ડો. ધ્વનીબેન જયેશભાઈ મહેતાના માર્ગદર્શન અને પ્રેરકબળ સંચિત વ્યવસ્થા થી પ્રથમ તબક્કામાં ૧૧૬ વિદ્યાર્થી પરિવાર ને ૧૧.૫૫ લાખ રૂપિયાના ચેકનું વિતરણ તા. ૧૮-૦૮-૨૦૨૪ ના સુરેન્દ્રનગરમાં કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ ના મુખ્ય સહયોગી શ્રી સી. યુ. શાહ પરિવારના મિનળબેન રોહીતભાઈ સહ સહયોગી શ્રી મધુભાઈ, શ્રી ડો. પી. સી. શાહ, ડો. નેહલબેન,શ્રીમતિ શારદાબેન ભોગીલાલ વોરા પરિવાર, શ્રી નરેન્દ્રભાઈ લક્ષ્મીચંદભાઈ શાહ - મુંબઈ, શ્રી નિરંજનભાઈ એચ. ડેલીવાળા - સુરેન્દ્રનગર (ડેલ એન્જીનીયર્સ), શ્રી ડી. વી. શાહ, શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ શાહ લોખંડવાલા તેમજ ધોલેરાવાળા જયોત્સનાબેન છબીલદાસ હકાણી પરિવારના ભાવેશભાઈના સુંદર સહયોગ સાથે અનેક પરિવારના દત્તક સહયોગ થી આ વિતરણ શકય બન્યું છે.

કાર્યક્રમના અતિથિ શ્રી અરુણાબેન જયેશભાઈ મહેતા, શ્રી નરેન્દ્રભાઈ શાહ લીંબડી, શ્રી રજનીકાંત ખાટડીયા (રાણપુર) ભારતસંઘ ના પ્રમુખ શ્રી જયંતીલાલ અમીચંદભાઈ શાહ, શ્રી રમણીકભાઈ ડગલી તથા શ્રી રાજુભાઈ મારવાડી તેમજ સંઘની કારોબારીના સભ્યો તેમજ મંડળના પ્રમુખશ્રી મુકેશભાઈ ડેલીવાળા, મંત્રીશ્રી હરેશભાઈ શાહ અને કિન્નરભાઈ શાહ ઉપપ્રમુખશ્રી પિયુષભાઈ સંઘવીના ઉપસ્થિતિમાં દિપ પ્રાગટય તથા નવકાર મંત્રના સ્તુતિ શ્રી રાજુ દોશી (ચંદ્રીકા શો-રૂમ) મંગલા ચરણ બાદ કાર્યક્રમનું સંચાલન કીન્નર શાહ તથા પિયુષ સંઘવી સાથે સ્વાગત પ્રવચન મંડળના પ્રમુખ સંઘ સ્વાગત સંઘ પ્રમુખ દ્વારા શાબ્દિક કરવામાં આવ્યું. પ્રો. અલકેશભાઈ ગાંધી એ શિક્ષણ વિશે વિશેષ જ્ઞાન વિદ્યાર્થીને આપ્યુ હતું અને ગર્વમેન્ટમાં સારી નોકરી મેળવવા માટેની પણ શીખ આપી હતી તેમજ શૈલેષ શાહ (એન્જીનીયર) એ વિદ્યાર્થીને પ્રરણા અને સુંદર શીખ આપી હતી. ''

તેમજ દરેક સહયોગી પરિવારને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ દરેક સંઘના તથા અન્ય સંસ્થાના '' હોદ્દેદારોને મોમેન્ટો આપી સન્માનીત કર્યા હતા. મંડળની વીવીધ પ્રવૃત્તિ વીશે માહિતી ઉપપ્રમુખશ્રી પિયુષ સંઘવી એ આપી હતી. વર્તમાન પ્રોજેકટની રૂપરેખા મંત્રીશ્રી કિન્નર શાહે સ્કોલરશીપ વિશે વિસ્તૃત માહીતી આપી હતી. ત્યારબાદ મોડી અરજી કે અતિ આવશ્યક પરિવારને શ્રી સી. યુ. શાહ ભાઇની પુણ્યતિથિ પ્રસંગે '' બાકી રકમના ચેક આપવામાં આવે છે.

વિદ્યાર્થી, વાલી સાથે ડો. સુરેશભાઈ, મનુકાકા (ચંદન સ્ટીલવાળા), ભરતભાઈ (કીમામવાળા), '' ચંપકભાઈ કોઠારી, જૈન જાગૃતીના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી તેમજ દરેક સંઘના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આભાર અને પ્રતિજ્ઞા વાંચન રાજુ દોશી (ચંદ્રીકા શો-રૂમ) સાથે કાર્યક્રમ સંપન્ન થયો. સમગ્ર '' કાર્યક્રમની સ્ટેજ વ્યવસ્થા જીમીત શાહ તથા ઉમંગ ડેલીવાળાએ સંભાળી હતી તથા ભોજન વ્યવસ્થા નિરંજનભાઈ ડગલી, વિદ્યાર્થી વ્યવસ્થા અમિતભાઈ વસાણી અને પિયુષ સંઘવી વિદ્યાર્થી વોટસઅપ ગૃપ તથા ચેક વ્યવસ્થામાં ચંદ્રેશભાઈ શાહ, પંકજભાઈ ગોસલીયા તથા જયેશભાઈ સંઘવી વિદ્યાર્થીને ખર્ચ સહાય શ્રી કમલેશભાઈ મહેતા (મેટ્રો ગોલ્ડ લેબ) તરફથી સહયોગ મળેલ હતો.પ્રિન્ટીંગ અને કાર્યક્રમ વ્યવસ્થામાં કેતન શાહ અને આનંદ શાહ દ્વારા કરવામાં આવેલ.

**સત્યનામ ટ્રાવેલ્સ**

ધ્રાંગધ્રા,ધંધુકા,રાણપુર, થાન,પાટડી,લીંબડી,સાયલા, હળવદ,લખતર,વઢવાણના ગ્રાહકોએ સીધો સંપર્ક કરવો. કોઈપણ ટ્રાવેલ્સ દ્વારા સંપર્ક કરવો નહી.
3x2 ૫૬ સીટ,2x2 ૪૦ સીટ, ૫૦ સીટ સ્લીપર Ac, નોન Ac ટેમ્પો ૧૩+ ૧૬+ ૨૫+ ૩૦+ સીટવાળી લકઝરી બસો લકઝરી કાર ભાડે મળશે
રાજુભાઈ જયસ્વાલ
મો:9537016016

**ટચુકડી જાહેરાત**

**લકઝરીયસ બંગલો વેચવાનો છે**

સુરેન્દ્રનગર શહેરના નવા જંકશન પાસે સારી લોકાલીટી વાળા વિસ્તારમાં મોકાની ૩૦૦ વાર જગ્યામાં ફુલ ફર્નિશ્ડ વીથ સોલાર પ્લાન્ટ, ૨૪ કલાક પાણી વીથ પાર્કિંગ, VIP લોકર સુવિધા સાથે BAPS સ્વામીનારાયણ મંદિર પાસેનો લકઝરીયસ બંગલો (બે સાઈડ એન્ટ્રેસ, મેઈન રોડ ટચ) વેચવાનો છે.સંપર્ક
મો:98242 30617

## -:: તસ્વીર સમાચાર ::-


@ લીંબડી તસ્વીર:જનયુગ દૈનિક

ભારતીય જનતા પાર્ટી લીંબડી શહેર /ગ્રામ્ય સદસ્યતા અભીયાન કાર્યશાળા કાર્યક્રમ યોજાયો.જેમાં કિરીટસિંહ રાણા માજી મંત્રી શ્રી /ધારાસભ્ય લીંબડી, પ્રકાશભાઇ સોની,શંકરભાઇ દલવાડી, ભાવેશભાઇ મકવાણા,રાજભા ઝાલા, ભારતીબેન ખોખાણી,મીનાબેન સીંધવ, ફાલ્ગુનભાઇ ઉપાધ્યાય,મહાદેવભાઇ પટેલ, બાબાભાઇ મીઠાપરા, રઘુભાઇ પટેલ, હરપાલસિંહ રાણા, અજીતસિંહ ટાંક, રમેશભાઇ સોયા, મુકેશભાઇ શેઠ, દશરથસિંહ રાણા, બીપીનભાઇ પટેલ, યસવંતસિહ પરમાર, ગોવિંદભાઇ લકુમ, દેવજીભાઇ વાઘેલા,ચતુરભાઇ પટેલ વિગેરે ભાજપના શહેર તથા ગ્રામ્ય કાયકરો ઉપસ્થિત રહ્યા હતા.

## -:: તસ્વીર સમાચાર ::-




પ્રસિદ્ધ લોકગાયક આદિત્ય યોગેશભાઇ ગઢવીના અવાજમાં ગવાયેલ લોકગીત જોબનિયું વાઇરલ થયું છે.

જયારે મનોરંજન અને Social media ના સાધનો નહોતા, સ્કૂલ-કોલેજ કે મોટી યુનિવર્સિટીઓ નહોતી અને આજની જેમ Spiritual કે Motivational ગુરુઓ નહોતા ત્યારે આ બધાનું કામ લોકગીતો કરતાં..

જે-તે કાળમાં યુવાધનને એવી શીખ આપવી હોય કે યુવાની આંખના પલકારે જતી રહેશે એનો સદુપયોગ કરો, આજે એવું કોઈ કામ ન કરો જેનો કાલે પસ્તાવો થાય.આ બધી માહિતી લોકગીતોના માધ્યમથી અપાતી હતી.જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે. સરળ શબ્દ, સહજ ભાવ અને સીધા-સાદા કંપોઝીશન વાળું લોકગીત છે. લોકગીતો મોટેભાગે અભણ અને અલ્પશિક્ષિતોનું સર્જન હોય છે છતાં આજના ભણેલા લોકોને જીવનજ્ઞાન આપી જાય છે.

આ લોકગીતને પોતીકું અને રસપ્રદ બનાવવા માથાનો અંબોડો, પાઘડીનો આંટો, આંખનો ઉલાળો, હૈયાનો હિલોળો, હાથની હથેળી, ઘાઘરની ઘેર અને પગની પાની જેવા પ્રતીકો મૂકવામાં આવ્યા છે.



વલસાડ ઉમરગામમાં ૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ લોકોમાં ભારે રોષ, આરોપી ગુલામ મુસ્તુફાની પોલીસે ધરપકડ કરી હતી.લોકોએ જણાવ્યું હતું કે નાની ફુલ જેવી બાળકીઓને તો બક્ષો. વિકૃત માનસિકતા ધરાવતા નરાધમોને સરેઆમ ફાંસી આપવી જોઈએ.




સેવા પરમો ધર્મ ને વરેલા લાયન્સ કલબ સુરેન્દ્રનગર ક્રાઉન દ્વારા વરસાદની સ્થિતિમાં મુશ્કેલીમાં મુકાયેલ સ્લમ વિસ્તારમાં રહેતા લોકોને પ્રમુખશ્રી કેતનભાઇ રાવલ,સેક્રેટરી જીજ્ઞાસાબેન નાયકના પ્રયાસથી ફૂડ પેકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં દિગ્વિજયસિંહ ચુડાસમા, ડો.આશિષભાઇ નાયક,ઋષિરાજસિંહ પરમાર,મુકેશભાઈ,દીપકભાઈ એ ફૂડ પેકેટ તૈયાર કરાવેલ હતા.

## / / / - :: સંક્ષિપ્ત સમાચાર :: - / / /

-એ.સી.બી.ના ટોલ ફ્રી નં.૧૦૬૪ ઉપર મળેલી ફરિયાદના આધારે નવસારીના આસિસ્ટન્ટ મોટર વ્હિકલ્સ ઇન્સ્પેકટર સંતોષસિંહ સર્વજીતસિંહ યાદવને રૂા.૭,૦૦૦/-ની લાંચ લેતા ઝડપી પાડતી એ.સી.બી.

-અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના નિવૃત્ત તલાટી કમ મંત્રી મહેન્દ્રકુમાર મોહનલાલ ભાટીયા રૂા.૧૫,૦૦૦/-ની લાંચ લેતા ઝડપાયા.

**મહાત્મા ગાંધી જનરલ હોસ્પિટલ સુરેન્દ્રનગર ખાતે**

# દર્દીને સારવાર આપેલ નથી તેવા આક્ષેપો કરી મૃતકના સગાઓએ ડોક્ટરને મારમાર્યો

જનયુગ દૈનિક સુરેન્દ્રનગર: ડો.જયભાઇ લક્ષ્મીકાંતભાઇ રાવલ જાતે બ્રાહ્મણ ઉ.વ.૩૫ ડોકટર રહે. ૨બી કસ્તુરબા સેનેટોરીયમ સોસાયટી શિવમ પેટ્રોલની સામે જી.ઇ.બી.સબ સ્ટેશનની બાજુમાં બસ સ્ટેન્ડ રોડ એ સુરેન્દ્રનગર સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી છે કે સુરેન્દ્રનગર મહાત્મા ગાંધી હોસ્પિટલમાં તારીખ... ૨૭/૮/૨૦૨૪ ૧૭:૦૦ કલાકે આરોપીએ ગુજરાત મેડિકેર સર્વિસ અને મેડીકેર સર્વિસ ઇન્સ્ટીટ્યુશન્સ પ્રીવેન્શન ઓફ વાયોલેન્સ એન્ડ ડેમેજ ઓર લોસ ઓફ ૨૦૧૨ કલમ ૩,૪ મુજબ તે આ કામના ફરીયાદી તેઓની મહાત્મા ગાંધી જનરલ હોસ્પિટલ સુરેન્દ્રનગર ખાતે ઇમરજન્સી તથા ઓપીડીની ફરજ ઉપર હતા તે દરમ્યાન મરણજનાર સુખદેવભાઇ પરમારને પુરતી સારવાર આપેલ નથી તેવા ખોટા આક્ષેપો કરી ચાર પુરૂષો તથા મંજુબહેન નામની સ્ત્રીએ ફરીયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી ફરીયાદી ડોકટર તરીકેની ચાલુ ફરજમાં રૂકાવટ કરી મંજુબહેન નામની સ્ત્રીએ ફરીયાદીના શર્ટનો કોલર ખેચી તેમજ ચાર પુરૂષ ઇસમોએ ફરીયાદીને પાછળથી હાથ તથા ગરદન પકડીને માથાના વાળ ખેંચી હુમલો કરી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

# થાનગઢ ગ્રામ્યમાં જોર જોરથી હોર્ન વગાડનારને ધમકી આપનાર સામે FIR

જનયુગ દૈનિક થાનગઢ: ધીરૂભાઇ સુરાભાઇ ઝાલા જાતે. ત.કોળી ઉ.વ.૫૦ મજુરી રહે. વરમાધારએ થાનગઢ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી છે કે વરમાધાર ગામે ફરીયાદીના ઘર પાસે બજારમાં તારીખ.૨૯/૮/૨૦૨૪ ૧૧:૩૦ કલાકે આરોપી ૧. જયંતીભાઇ લખાભાઇ કુમખાણીયા ૨. લખાભાઇ નાનુભાઇ કુમખાણીયા રહે. બન્ને વરમાધારએ ફરીયાદી પોતાના ઘરે હતા ત્યારે આ કામના નં.૧ નાઓ ફરી.ના ઘર પાસેથી પોતાનું મો.સા. લઇને અવાર-નવાર નિકળી જોર જોરથી હોર્ન વગાડતા હોય તે બાબતે ફરીયાદી ના પાડતા નં.૧ નાએ ફરી.ને અપશબ્દ આપી નં.૨ નાઓને ફોન કરી બોલાવી નં.૨નાઓ લાકડી લઇને ફરી.ના ઘર પાસે આવી ફરી.ને જેમ ફાવે તેમ ભુંડાબોલી અપશબ્દ આપી મારી નાંખવાની ધમકી આપી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે.

# સુરેન્દ્રનગરમાં શ્રી દ્વારકાધીશજીની હવેલી ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે


@ પ્રતિકાત્મક તસ્વીરઃ જનયુગ દૈનિક

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ શ્રી દ્વારકાધીશજીની હવેલી ખાતે શુધ્ધાદૈવ તૃતીય પીઠાધીશ્વર (કાંકરોલી) પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી ડો. વાગિશકુમારજી મહારાજશ્રી કાંકરોલી નરેશ ના પાવન સાનિધ્યમાં રવિવારે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરેલ છે.જેમાં વૈષ્ણવો દ્વારા તૈયારીઓ ચાલી રહી છે.તારીખ ૧.૯.૨૦૨૪ને રવિવારે શ્રી યમુનાજી લોટીજી ઉત્સવ સહ માળા પહેરામણી મનોરથ યોજાશે.જેમાં રવિવારે સવારે ૧૧:૩૦ થી ૧૨ દરમિયાન કુનવારાના દર્શન થશે.જ્યારે બપોરે ત્રણ વાગે શ્રી લોહાણા મહાજનની વાડીથી હવેલી સુધી વાજતે ગાજતે શ્રી યમુના મહારાણીજીના સામૈયા થશે. આ શોભાયાત્રામાં જોડાનાર વૈષ્ણવો ભાઈઓ કેસરી કુર્તો તથા સફેદ ચોરણી અને બહેનો લાલ અથવા કેસરી સાડી કે ડ્રેસ પહેરીને જોડાનાર છે.આ શોભાયાત્રા હવેલી ખાતે સાંજે પહોંચશે અને ત્યાં લોટીજી ઉત્સવ સાંજે સાડા પાંચ વાગે શરુ થશે.તેમજ વચનામૃત નો લાભ સૌને મળશે.જ્યારે રાત્રે ૮:૩૦ કલાકે શ્રી માળા પહેરામણી મનોરથ યોજાશે.તેમજ જેજેશ્રી દ્વારા બ્રહ્મસંબંધ પણ આપવામાં આવનાર છે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ સુરેન્દ્રનગરના પ્રમુખ સનતભાઈ પી. વોરા,મંત્રી પરેશભાઈ વી. શેઠ, ઉપ પ્રમુખ પુનીતભાઈ વી. ગોવાણી, ટ્રસ્ટી વિક્રમભાઈ આઈ. દુબલ જહેમત ઉઠાવે છે.

# ધ્રાંગધ્રા ગ્રામ્યમાં અજાણ્યા વાહનના અડફેટે બાઇક ચાલકનું મોત નીપજ્યુ

જનયુગ દૈનિક ધ્રાંગધ્રાઃ મહેશભાઇ પ્રભુભાઇ ઘેલડીયા જાતે. ચુ.કોળી ઉ.વ.૨૮ ખેતી હાલ રહે. રાયગઢ ગામની સીમ ઓકરાનો ભેડો મૂળ રતનપરએ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી છે કે રાયગઢ રાવળીયાવદર રોડ જીઇબી સબ સ્ટેશનની નજીક તારીખ.૨૦/૮/૨૦૨૪ ૨૦:૪૫ કલાકે આરોપીએ ફરીયાદીના ભાઇ અનિલ તેઓનું મોટર સાયકલ હીરો સ્પેન્ડર પ્રો.રજી.નં. જી.જે. ૦૭ સીઇ ૭૬૫૭ વાળુ લઇને દૂધ ભરવા માટે રાયગઢ ગયેલ હતા અને ત્યાંથી તેઓ મોટર સાયકલ લઇને પાછા આવતા કોઇ અજાણ્યા વાહનના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના ભાઇ સાથે અકસ્માત કરી મો.સા.માંથી પાડી દઇ શરીરે નાની મોટી ગંભીર ઇજાઓ કરી સ્થળ ઉપર મોત નીપજાવી નાશી જઇ ગુનો કરેલ છે.

□ આદ્યતંત્રી:સ્વ.જશુભાઇ એલ.મહેતા,સ્વ.દિલીપભાઇ જે.મહેતા □ વર્ષ:૩૬ □ મેનેજીંગ તંત્રીઃ સુનીલભાઇ જે.મહેતા□ ફોન:(૦૨૭૫૨)૨૨૧૬૧૦ □ તા.૩૧-૮-૨૦૨૪ શનિવાર અંક:૧૮૫□ કિંમત રૂ.૧□ પાના:૪ □ તંત્રી,મુદ્રક,પ્રકાશક,માલિક:જયકિન દિલીપભાઇ મહેતાએ જનયુગ દૈનિક કાર્યાલય, નવા જંકશન પાસે, દેવ સોસાયટી, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ ખાતે છાપ્યું અને ત્યાંથી જ પ્રસિધ્ધ કર્યુ RNI REGD NO.48362/87 REGD.NO.GSEN.79-2024-26

# વઢવાણમાં વરસાદી પાણી ભરાતા રોગચાળો ફેલાવવાની દહેશતઃ વિધાર્થીઓ શાળાએ પહોંચી શકતા નથી


@ વઢવાણ તસ્વીરોઃ જનયુગ દૈનિક

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ શહેરના નવા ૮૦ ફુટ રોડ વઢવાણમાં વરસાદી પાણીના કારણે મારુતિ પાર્ક વિસ્તારમાં વિદ્યાર્થીઓ શાળાએ પહોંચી શકતા ન હોવાથી કલરવ સ્કૂલ આજે શનિવાર તારીખ ૩૧. ૮. ૨૦૨૪ ના રોજ પણ સંચાલકોને બંધ રાખવાની ફરજ પડી છે. સોમવારે વરસાદ આવ્યા બાદ પાણીનો નિકાલ ન થતા આજે શનિવારે પણ સમગ્ર વિસ્તારમાં વરસાદી પાણી ભરાયેલા છે. જેના કારણે રોગચાળો ફેલાવવાની દહેશત રહીશોએ વ્યક્ત કરી છે. તો સુરેન્દ્રનગર વઢવાણ નગરપાલિકાના આ વિસ્તારમાં તાત્કાલિક પાણીનો નિકાલ કરવા માંગ લોક માંગ ઉઠી છે.

# હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા ફટકારી સુરેન્દ્રનગર કોર્ટ

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ સુરેન્દ્રનગરમાં વર્ષ ૨૦૧૫માં પૈસાની લેતી દેતી મામલે યુવાનને સમાધાન માટે બોલાવી બાદમાં હત્યા કર્યાનો બનાવ બન્યો હતો. જેના આરોપી સામે સુરેન્દ્રનગર સીટી એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઇ હતી. જેમાં આરોપી ઝડપી પડાતા સુરેન્દ્રનગર કોર્ટમાં કેસ ચાલી ગયો હતો. જેમાં આરોપીને આજીવન કેદની સજા કરી હતી. સુ.નગર શહેર ખાતે લક્ષ્મીપરાના રહેતા રફીક ઉર્ફે હાજી યુનીસભાઇને જેપી શેરીમાં રહેતા શૈલેષભાઇ પટેલે રૂા. ૫૦ હજાર ઉછીના આપ્યા હતાં. જેની વારંવાર ઉઘરાણી કરવા છતા રફીક ઉર્ફે હાજી પૈસા આપતા ન હતા. આથી આ પૈસા બાબતે સમાધાન કરવા બહાને પૂર્વ કાવતરૂ રચી શૈલેષભાઇને મળવા બોલાયા હતાં. બાદમાં તેમની હત્યા કરી લાશ સી.યુ.શાહ મેડીકલ કોલેજ સામે ફેંકી શખ્સો નાસી છુટ્યા હતાં. આ બનાવમાં મૃતકના ભાઇ દિલીપભાઇ પટેલે સીટી એ ડીવીઝન પોલીસ મથકે લક્ષ્મીપરાના રફીક ઉર્ફે હાજી યુનીસભાઇ અને વઢવાણના નૌશાદ ઉર્ફે ખુંટા સામે ગુનો નોંધાવ્યો હતો. આ આરોપીઓને ઝડપી પાડી સુરેન્દ્રનગર કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. જેમાં સરકારી વકિલ આર.બી. રાઓલની દલીલ, ગુનામાં વપરાયેલ હથિયાર, ઘટના અંગે લોકોની જુબાની સહિતને ધ્યાને લઇ પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જજ એલ.એસ.પીરઝાદાએ આરોપી રફીક ઉર્ફે હાજી યુનીસભાઇ મોદનને આજીવન કેદની સજા કરી હતી. જ્યારે બીજા આરોપીને નિર્દોષ જાહેર કરાયો છે.

# સીરામીક એકમોમાં પાણી ભરાઇ રહેતા તૈયાર કરેલ માટીનો કાચો માલ ઓગળી જવાથી લાખો રૂપિયાનું નુકશાન

જનયુગ દૈનિક થાનગઢઃ શહેરમાં તારીખ ૨૬થી અતિ ભારેથી અત્યંત ભારે વરસાદ વરસતા પ્રોડક્શન વિભાગમાં પાણી ઘૂસી ગયા હોવાથી મોટાભાગની ફેકટરી ટનલ કિલન બંધ કરવાની ફરજ પડી છે. એકમોમાં પાણી ભરાઇ રહેતા તૈયાર કરેલ માટીનો કાચો માલ ઓગળી જવાથી લાખો રૂપિયાનું નુકશાન થયેલ છે અને હજુ નુકશાનીનો આંકડો વધી શકે તેમ છે. આવનારા મહિનાઓમાં થાનગઢનો સીરામીક ઉદ્યોગ ક્યારે રાબેતા મુજબ થશે તે કહેવું અત્યારે મુશ્કેલ છે. આ પરિસ્થિતીને પહોંચી વળવા માટે કોમર્શિયલ ઓફિસ તરફથી થાનગઢ સીરામીક ઇન્ડસ્ટ્રીઝ ને સપ્ટેમ્બર માસના એમજીઓમાંથી મુક્તિ આપવા માંગ કરી હતી.

# બિસ્માર રસ્તા અંગે વિરોધ કરવા જતા આપના આગેવાનોની અટકાયત


@ વઢવાણ તસ્વીરઃજનયુગ દૈનિક

જનયુગ દૈનિક સુરેન્દ્રનગરઃ સુરેન્દ્રનગર શહેરમાં તાજેતરમાં થયેલા વરસાદને પગલે ઠેર ઠેર ખાડાઓ પડી ગયા છે. ત્યારે આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા રસ્તાના કામોમાં ભ્રષ્ટાચારની પોલ ખોલ કાર્યક્રમ હેઠળ શુક્રવારે શહેરના વઢવાણ જીઆઇડીસી સર્કલ એકત્ર થઇ વિરોધ કરવાનું આયોજન કરાયુ હતું. પરંતુ પૂર્વ મંજુરી વગર તેમ ન કરવા જાહેરનામું હોઇ મંજુરી ન લીધી હોવાથી અટકાયત કરાઇ હતી.

## -:: તસ્વીર સમાચાર ::-


@ સાયલા તસ્વીરઃજનયુગ દૈનિક

સુરેન્દ્રનગર જિલ્લામાં પડેલા ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિ અંગેની જિલ્લા વિકાસ અધિકારીએ સમીક્ષા તેમજ અન્ય કામગીરી સબબ સાયલા તાલુકા મથકે અધિકારીઓ સાથે બેઠક કરી અને ગામોની મુલાકાત લેવામાં આવી.


@ રતનપર તસ્વીરઃજનયુગ દૈનિક

સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદ બાદ ઠેર ઠેર ગંદકી અને કાદવ કીચડ જોવા મળી રહ્યો છે. ત્યારે રતનપરમાં આવેલ દેવનંદન રેસીડિન્સી ખાતે ગંદકી અને કાદવમાંથી પસાર થવા રહીશો મજબૂર બન્યા છે. આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ અંગે નગરપાલિકાને અગાઉ પણ રજૂઆત કરવામાં આવી છતાં અહીં સુવિધાઓ આપવામાં નહીં આવતા રસ્તા રોકો આંદોલન અંગેની ચીમકી દેવનંદન રેસીડિન્સીના રહીશો તેમજ ડી.કે. રાવલે આપી છે.

# લીંબડી ગ્રામ્યમાં જુગાર રમતા બે ઝડપાયા

જનયુગ દૈનિક લીંબડીઃ પુષ્પરાજસિંહ રાણા અના.પો.કોન્સ. લીંબડી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી છે કે તારીખ.૩૦/૮/૨૦૨૪ આરોપી ૧. મહેશભાઇ હીરાભાઇ જાદવ ઉ.વ.૪૧ ૨. અમૃતભાઇ બાબુભાઇ કાવેઠીયા ઉ.વ. ૨૭ રહે. બન્ને એકેવાળીયાનાઓ એકેવાળીયા ગામે ૨૦:૩૦ કલાકે વાસમા જાહેર જગ્યામાં તીન પતીનો હારજીતનો જુગાર રમી રોકડા રૂા. ૧,૬૧૦ તથા ગંજીપાના સાથે નં.૧ ,૨ નાઓને પકડેલ છે.

# લખતર ગ્રામ્યમાં પાછળથી ભટકાડી એક્સીડિન્ટ કરતા મહિલાનું મોત નીપજ્યું

જનયુગ દૈનિક લખતરઃ રામદાસભાઇ ધીરૂભાઇ અઘારા જાતે ત.કોળી ઉ.વ.૨૮ ખેતી કામ રહે. નાની થોરી (થોરી થાંભા) વિરમગામએ લખતર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી છે કે બાબાજીપરા ગામે તારીખ..૨૮/૮/ ૨૦૨૪ ૧૩:૩૦ કલાકે આરોપીએ શરીફખાન મહેબુબખાન હાલ રહે. ગામ સીહોરી બનાસકાંઠાવાળાએ પોતાના કબ્જા હવાલાવાળુ હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. નંબર જી.જે. તેર એ જે ચાર આઠ ઝીરો આઠ વાળુ પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી સાહેદ ફરીના ભાઇ રાજુભાઇ ધીરૂભાઇ અઘારાના બજાજ પ્લેટીના મો.સા. નંબર જી.જે.આડત્રીસ એજી ચાર ચાર ઝીરો ચાર વાળા સાથે પાછળથી ભટકાડી એક્સીડિન્ટ કરી એકસીડિન્ટમાં મો.સા.ની પાછળ બેસેલ ફરીના ભાભી સોનીબહેન ઉર્ફે સોનલબહેન રાજુભાઇ ઉંમર વર્ષ ૩૦ વાળાનું મોત નિપજાવી તથા ફરીના ભાઇ રાજુભાઇને એકસીડન્ટમાં માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ કરી તેમજ એકસીડિન્ટમાં આરોપી મો.સા.ના ચાલકને પણ નાની મોટી ઇજાઓ થતા ગુનો કરેલ છે.


